સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૧૭૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# લોકસભામાં નીટ પર ચર્ચા કરવા રાહુલ ગાંધીની માંગ

## ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને લોકસભામાં અભિનંદન પાઠવાયા : સદન સ્થગિત કરવાનો વિપક્ષનો પ્રસ્તાવ સ્પીકર દ્વારા ફગાવી દેવાયો

નવી દિલ્હી,તા. ૦૧

સોમવારે (૧ જુલાઈ) સંસદ સત્રનો છઠ્ઠો દિવસ છે. સત્રની શરૂઆતમાં સ્પીકરે વિપક્ષના સ્થગિત પ્રસ્તાવને ફગાવી દીધો હતો, જેના કારણે વિપક્ષે હંગામો શરૂ કર્યો હતો.અગાઉ, વિવિધ દેશોના નેતાઓના નિધન પર શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. તે જ સમયે, ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની જીત પર ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું- પીએમ મોદીએ છેલ્લા ૧૦ વર્ષમાં ક્યારેય તેમની સરકારને બીજેપી સરકાર કહી નથી. તેઓ મોદી સરકાર કહેતા રહ્યા. હવે તેઓ તેમની સરકારને એનડીએ સરકાર ગણાવી રહ્યા છે.લોકસભામાં સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- ગૃહની બહાર કેટલાક સાંસદોનો આરોપ છે કે સ્પીકર માઈક બંધ કરી દે છે. માઈકનું નિયંત્રણ ખુરશી પર બેઠેલી વ્યક્તિના હાથમાં નથી.સાંસદ રાશિદ એન્જિનિયર ૫ જુલાઈએ સંસદમાં શપથ લેશે. NIAએ આ માટે સંમતિ આપી દીધી છે. NIAએ સંમતિ આપી અને શરત મૂકી કે રાશિદ મીડિયા સાથે વાત નહીં કરે.રશીદ એન્જિનિયરે પટિયાલા હાઉસ કોર્ટમાં પીટીશન દાખલ કરીને સાંસદ તરીકે શપથ લેવા માટે વચગાળાના જામીન અથવા કસ્ટોડિયલ પેરોલની માગ કરી છે. આવતીકાલે ૨જી જુલાઈના રોજ કોર્ટ આદેશ આપશે. જમ્મુ-



કાશ્મીરની બારામુલા સીટ પરથી અપક્ષ ઉમેદવાર રાશિદે પૂર્વ સીએમ ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા.રાહુલ ગાંધીએ NEET પર એક દિવસની ચર્ચાની માંગ કરી હતી. તેમણે કહ્યું- આ લાખો વિદ્યાર્થીઓની સમસ્યા છે. તેના પર સ્પીકરે કહ્યું- હવે તમારે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવમાં ભાગ લેવો જોઈએ. વચ્ચે ન તો શૂન્યકાળ હશે કે ન તો સ્થગિત પ્રસ્તાવ.

હાલમાં સંસદીય સમિતિઓની રચનાને લઈને લોકસભામાં પ્રસ્તાવ મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ દ્વારા રજૂ કરવામાં આવી રહ્યો છે.સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- સ્થગિત કરવા માટે ઘણા પ્રસ્તાવ આવ્યા હતા. જે સ્વીકાર નથી કરવામાં આવ્યા.સ્પીકર ઓમ બિરલાએ -૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની જીત પર ટીમ અને કેપ્ટન રોહિત શર્માને અભિનંદન પાઠવ્યા હતા.હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીના મૃત્યુ પર સંસદમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિના નિધન પર પણ શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. માલાવી પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિના નિધન પર પણ શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ સાંસદ બી મણિકમ ટાગોરે લોકસભામાં NEET મુદ્દે ચર્ચા કરવા માટે કામકાજ સ્થગિત કરવાની નોટિસ આપી છે.

# બેરિલ વાવાઝોડાને કારણે ટીમ ઈન્ડિયા બાર્બાડોસમાં ફસાઈ ગઈ

### ભયાનક વાવાઝોડું ત્રાટકતા બાર્બાડોસનું એરપોર્ટ એક દિવસ માટે બંધ

નવી દિલ્હી,તા. ૦૧

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન ટીમ ઈન્ડિયા બેરીલ વાવાઝોડાના કારણે બાર્બાડોસમાં અટવાઈ ગઈ છે. ભારતીય ટીમને સોમવારે એટલે કે આજે ભારત આવવા માટે ન્યૂયોર્ક જવાની હતી. પરંતુ, ખરાબ હવામાનને કારણે ટીમનું શિડ્યુલ ખોરવાઈ ગયું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એટલાન્ટિકમાં આવી રહેલા બેરીલ વાવાઝોડાને ૨૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ રહ્યો છે. કેટેગરી ૪નું આ વાવાઝોડું બાર્બાડોસથી અંદાજે ૫૭૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું અને તેના કારણે એરપોર્ટ પરની કામગીરી હાલમાં રોકી દેવામાં આવી છે. સ્થિતિ એવી છે કે એરપોર્ટને એક દિવસ માટે બંધ રાખવું પડી શકે છે.

ટી ૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ ભારતીય ટીમ બાર્બાડોસમાં ફસાઈ ગઈ છે. બેરીલ વાવાઝોડાને કારણે ત્યાંનું હવામાન ખૂબ જ ખરાબ છે. એવા સમાચાર મળી રહ્યા છે કે આ વાવાઝોડું ટૂંક સમયમાં કેરેબિયન ટાપુ પર ટકરાશે અને સ્થાનિક સરકારે તેને 'ખૂબ જ ખતરનાક' શ્રેણીમાં રાખ્યું છે. આવી સ્થિતિમાં મ્ઝ્રૈં ટીમ ઈન્ડિયાને ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા ભારત લાવવાના તમામ પ્રયાસો કરી રહ્યું છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ફાઈનલ માટે રિઝર્વ ડે હોવાથી, બંને ફાઈનલિસ્ટની પ્રારંભિક યોજના સોમવારે ત્યાંથી નીકળવાની હતી. ANIના નવા રિપોર્ટ પ્રમાણે નવો કોઈ ઓર્ડર ન આવે ત્યાં સુધી બાર્બાડોસમાં એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે. શહેરમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે અને તમામ સ્ટોર્સ અને ઓફિસ બંધ છે. જેને કારણે ટીમ ઈન્ડિયા અને ક્રિકબઝના અહેવાલ મુજબ, બીસીસીઆઈ લગભગ ૭૦ લોકોની ભારતીય ટુકડી માટે એક ચાર્ટર કરવા પર વિચાર કરી રહી

અનુસંધાન પાના ૭ પર

# સિંગાપોરમાં છેતરપિંડી કેસમાં ધર્મગુરુને સાડા દસ વર્ષની કેદ

### ધર્મગુરુ પાંચ ગંભીર આરોપમાં દોષિત

નવી દિલ્હી,તા. ૦૧

સિંગાપોરના ધાર્મિક નેતા વુ મે હો (૫૪)ને સાડા દસ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે તેને તેના ભક્તોને છેતરવા અને તેમને ઈજા પહોંચાડવા સહિત ૫ આરોપોમાં દોષિત ઠેરવ્યા છે. વુ મેઈ હો પર આરોપ છે કે તેણે તેના ભક્તોનું બ્રેઈનવોશ કર્યું હતું અને તેમને કહ્યું હતું કે તે એક દેવી છે.

જો ભક્તો તેના આદેશોનું પાલન ન કરે, તો તે તેમને ક્રૂર રીતે સજા થતી. તે ભક્તોને તેમનો મળ ખવડાવતી અને પ્લાસને તેમના દાંત કાઢવા કહેતી. એટલું જ નહીં, તે ભક્તો પર કાતર વડે હુમલો કરતી હતી અને તેમને બિલ્ડિંગના બીજા માળેથી કૂદવાનું પણ કહેતી હતી.

સિંગાપોર ન્યૂઝ ચેનલ સીએનએના અહેવાલ મુજબ, વુ મે હો પોતાને ભારતીય ધાર્મિક નેતા શ્રી શક્તિ નારાયણી અમ્માના ભક્ત તરીકે વર્ણવે છે. શ્રી શક્તિ નારાયણી અમ્માના ભક્તો તેમને દેવી નારાયણીનો પ્રથમ જાણીતો અવતાર માને છે.

વુ મેઈ હો ૨૦૧૨થી સિંગાપોરમાં ૩૦ ભક્તોના સમૂહ સાથે આશ્રમ ચલાવે છે. લોકો તેમનામાં વિશ્વાસ કરવા માટે, તે હંમેશા સાડી અને મેક-અપ કરે છે અને પોતાને દેવીનું સ્વરૂપ જણાવે છે. વુ મેઈ હોના ભક્તોએ કોર્ટને કહ્યું કે તેઓ તેમની બીમારીઓ દૂર

અનુસંધાન પાના ૭ પર

# આજથી નવા ફોજદારી કાયદાનો અમલ : દિલ્હીમાં પ્રથમ કેસ દાખલ

### દિલ્હીમાં દબાણ કરનાર ફેરીયા વિરુદ્ધ કલમ ૧૭૩ હેઠળ કાર્યવાહી

નવી દિલ્હી,તા. ૦૧

ભારતમાં આજથી નવી ભારતીય ન્યાયસંહિતા (ન્યુ ક્રિમીનલ લોઝ) લાગુ થઈ ગઈ છે. તે અંતર્ગત રાજધાની દિલ્હીમાં રેંકડીનું દબાણ કરનાર સામે કલમ ૧૭૩ હેઠળ સૌપ્રથમ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અંતગર્ત સેન્ટ્રલ દિલ્હીના કમલા માર્કેટ પોલીસ મથકમાં નવા કાયદા મુજબ આજે પ્રથમ એફઆઈઆર નોંધાઈ છે. મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી પોલીસની ટીમે જોયું હતું કે નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે એક વ્યક્તિ રસ્તા વચ્ચે રેકડી લગાવી છે. તેના પર પાણી અને ગુટખા વેચી રહ્યો છે. તેના લીધે લોકોને અવર-જવરમાં સમસ્યા ઉભી થઈ રહી છે.

ત્યારબાદ પોલીસે આ વ્યક્તિ વિરૂદ્ધ બીએનએસ અંતગર્ત પ્રથમ એફઆઈઆર નોંધી છે. દેશમાં અગાઉ અંગ્રેજો વખતના કાયદા લાગુ હતા હવે આજથી દેશ પોતાના કાયદા મુજબ ચાલશે. ત્રણ નવા કાયદા આવ્યા બાદ અનેક કલમો બદલાઈ ગઈ છે. ન્યાયસંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ અને ભારતીય નાગરિક સુરક્ષાસંહિતા ૨૦૨૩એ આઈપીસી અને સીઆરપીસીની જગ્યા લીધી છે. આજથી જે પણ ગુનો નોંધાશે એ નવા કાયદા હેઠળ નોંધવામાં, સાંભળવામાં અને ચલાવવામાં આવશે.નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ફુટ ઓવરબ્રીજમાં દબાણ કરીને રેંકડીધારક દબાણ કરતો હોય, કલમ ૧૭૩ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉપરાંત ૨૮૫ હેઠળ પણ આરોપ મુકવામાં આવ્યો છે. એફઆઈઆરમાં જણાવ્યા મુજબ આરોપી મુખ્ય રોડ પર રેંકડીમાં તમાકુ

અનુસંધાન પાના ૭ પર

# જવેલરી ખરીદી કેશ લીમીટ રૂ. ૫૦ હજાર થવાની સંભાવના

### સોનાની ખરીદીમાં મની લોન્ડરીંગ અટકાવવા સરકાર પ્રયાસ કરશે

મુંબઈ,તા. ૦૧

કેશ-રોકડમાં સોનુ ખરીદવા પર પ્રતિબંધ નથી પણ જવેલર્સ દર લેવડ-દેવડમાં ૨ લાખ રૂપિયાથી વધુ કેશનો સ્વીકાર નથી કરી શકતા અને બે લાખ રૂપિયાથી વધુની ખરીદી માટે પાન કે આધાર કાર્ડ જરૂરી છે. આમ છતાં જવેલરીનું ખૂબ જ મોટા બજારમાં પીએમએલએ નોર્મ્સને લઈને સાચૂ કારણ નથી જોવા મળતુ.

આ સ્થિતિમાં ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ અને મંત્રાલયનાં નજીકનાં સુત્રો અનુસાર આગામી બજેટમાં બુલીયન, જવેલરી વગેરે ખરીદવા માટે કેશ લીમીટને હાલમાં ૨ લાખ રૂપિયાથી ઘટાડીને લગભગ ૫૦ હજાર સુધી કરવાની સંભાવના છે.

સરકારમાં એ ધારણા છે કે જવેલરીની દુકાનમાં હાઈ વેલ્યુની રોકડ લેવડ-દેવડના રિપોર્ટ કરવામાં નથી આવતા એટલે વધુ અંકુશ અને કાર્યવાહીની જરૂર છે. જેની સોનાના માધ્યમથી મની લોન્ડ્રીંગ પર ગાળીયો કસી શકાય.

આઈબીજીએના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ આ બાબતે જણાવ્યું હતું કે જવેલર્સ દરેક શંકાસ્પદ રોકડ લેવડ-દેવડની ગુપ્ત એકમ (એફઆઈયુ) ને આપવાની હતી જે આવી ગતિવિધી પર નજર રાખવા જવાબદાર છે તેના માટે ૫૦૦ કરોડથી વધુ વાર્ષિક કારોબાર

અનુસંધાન પાના ૭ પર

# સૌરાષ્ટ્ર પંથકમાં મન મૂકીને વરસતા મેઘરાજા: માણાવદરમાં ૮ ઇંચ વરસાદ

### ખંભાળિયામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ : ચાર કલાકમાં સવા પાંચ ઇંચ વરસાદથી જળબંબાકાર

અમદાવાદ,તા. ૦૧

રાજ્યમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. આજે મેઘરાજા સવારથી સૌરાષ્ટ્રમાં ભુક્કા બોલાવી રહ્યા છે. ગીરનાર અને માણાવદર, ઉપલેટા સહિતમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેને પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ છે. માણાવદરમાં આઠ



ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે કમરસુધી પાણી ભરાયા છે. જૂનાગઢના દામોદરકુંડમાં પણ ભરપૂર પાણીની આવક થઈ હતી. તો બીજી તરફ દ્વારકા જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે આજે પણ રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૫૪ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ખંભાળિયામાં સવા પાંચ ઈંચ વરસાદ વરસ્યો છે.જૂનાગઢમાં ભારે વરસાદને પગલે માણાવદર તાલુકાના ત્રણ રસ્તા બંધ કરાયા છે. સમેગા-કોડવાવ રસ્તા પર સમેગા તળાવનું પાણી ભરાતા રસ્તો બંધ કરાયો છે. કોયલાણા - કોઠડી ઓજત નદીનું પાણી આવતા રસ્તો બંધ કરાયો છે. બૉડકા - પીપલાણા ઓજતનું પાણી આવતા રસ્તો બંધ કરાયો છે.જૂનાગઢના ઓજત વિયર વંથલી ડેમ ઓવરફ્લો થયો છે. વંથલી તાલુકામાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થયો છે. વંથલી તાલુકાના નાના કાજલીયારા, શાપુર સહિતના ચાર ગામોને સાવચેત કરાયા છે.

અનુસંધાન પાના ૭ પર

# ભારતની ૮૦ ટકા હોસ્પિટલોમાં હલકી ગુણવત્તાની સુવિધા : રીપોર્ટ

### ખુદ સરકારના જ રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો થયો

નવી દિલ્હી,તા. ૦૧

જો આમ જન બીમાર પડે તો તે પહેલા સરકારી હોસ્પિટલમાં જાય છે. પણ દેશની ૮૦ ટકા સરકારી હોસ્પિટલોમાં પૂરતા ન તો નર્સ છે ન તો ડોકટર, નિમ્ન કક્ષાની છે. મેડિકલ સુવિધાઓ આ સનસનીખજ ખુલાસો સરકારના જ રિપોર્ટમાં થયો છે.

ભારતમાં સરકારી હોસ્પિટલોની હાલત ખુબજ ખરાબ છે. એક સરકારી રિપોર્ટમાં બહાર આવ્યું હતું કે ૮૦ ટકા સરકારીમાં પાયાની સુવિધાઓ નથી. સરકારે ખુદે આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારી હોસ્પિટલોમાં ડોકટર, નર્સ અને જરૂરી સાધનોની ભારે અછત છે. આ રિપોર્ટ નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત આવતી સરકારી હોસ્પિટલોની હાલત દર્શાવે છે.

એનએચએમ સરકારની એક મહત્વની યોજના છે. જે અંતર્ગત દેશભરની જિલ્લા હોસ્પિટલ, સામુહિક સ્વાસ્થ્ય કેન્દ્ર, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર અને આયુષ્યમાન આરોગ્ય સેન્ટર્સ આવે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે એનએચએમ અંતર્ગત આવતી ૨ લાખથી વધુ હોસ્પિટલોમાંથી માત્ર

અનુસંધાન પાના ૭ પર

# સમગ્ર ગુજરાતના ૨૧૪ તાલુકામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો

### સુરત, નવસારી, વલસાડમાં જોરદાર વરસાદ

ગાંધીનગર,તા. ૦૧

જુલાઈ મહિનાના પ્રારંભે જ ગુજરાતમાં મેઘરાજાએ જમાવટ કરી હોય તેમ મોટાભાગના વિસ્તારોમાં હળવો ભારે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને સુરત-વલસાડ-નવસારી-ભરૂચ જેવા દક્ષિણ ગુજરાતના જલ્લાઓમાં સટોસટી બોલાવી હતી. જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, કચ્છ તથા અમરેલી જીલ્લામાં પણ ભારે વરસાદ ખાબક્યો છે.સ્ટેટ વેધર ઈમરજન્સી સેન્ટરના રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાક દરમિયાન રાજયના ૨૧૪ તાલુકામાં સાડા આઠ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. સુરતના પલસાણામાં સાડા આઠ ઈંચ વરસાદ પડયો હતો. મહુવામાં સાત ઈંચ, બારડોલી, ઓલપાડ તથા કામરેજમાં ૬-૬ ઈંચ અને સુરત શહેરમાં સાડા પાંચ ઈંચ વરસાદ પડયો હતો.

લસાડ જીલ્લાના વાપીમાં પાંચ ઈંચ, કપરાડામાં સાડા ચાર ઈંચ, વલસાડ શહેરમાં સાડા ચાર ઈંચ વરસાદ પડયો હતો. નવસારીના ખેરગામમાં ચાર ઈંચ, નવસારી શહેર તથા ગણદેવીમાં ચાર-ચાર ઈંચ વરસાદ હતો. ભરૂચ, તાપી, અમદાવાદ, અરવલ્લી, મહેસાણા સહિતના જીલ્લાઓમાં હળવો ભારે વરસાદ નોંધાયો છે. ગુજરાત પર સાયકલોનિક સરકયુલેશન સહિતની વરસાદી સીસ્ટમ જામી છે.ત્યારે હવામાન વિભાગ દ્વારા વરસાદી દોર જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. આજે ૨૫ જીલ્લામાં વરસાદ થઈ શકે છે તેમાં દમણ, અમરેલી, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ભાવનગર, બોટાદમાં ભારેથી અતિ ભારે વરસાદની શકયતા છે.

અનુસંધાન પાના ૭ પર




# કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. ૩૦નો ઘટાડો જાહેર

### ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી

નવી દિલ્હી,તા. ૦૧

દર મહિનાની પહેલી તારીખે ઓઈલ કંપનીઓ સવારે ૬ વાગ્યે એલપીજી સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે. જે મુજબ આજે ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના દામમાં રાહત આપી ૩૦ રૂપિયાનો ભાવમાં ઘટાડો કર્યો છે.

આ સતત ત્રીજા મહિને

અનુસંધાન પાના ૭ પર

# નીટની રિ-એકઝામનું પરિણામ જાહેર ટોપર્સ ૬૭થી ઘટીને ૬૧ થઈ ગયા

### રી એકઝામમાં ૧૫૬૩ ઉમેદવારમાંથી ૭૫૦ હાજર રહ્યાં ન હતાં

નવી દિલ્હી,તા. ૦૧

NTAyu NEET UG રિ-એક્ઝામનું પરિણામ જાહેર કર્યું છે. રિ-એક્ઝામમાં હાજર રહેલા ૮૧૩ ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ exams.nta.ac.in પર જઈને તેમનું નવું સ્કોરકાર્ડ જોઈ શકે છે. રિ-એક્ઝામના પરિણામો જાહેર થયા બાદ ટોપર્સની સંખ્યા હવે ૬૭થી ઘટીને ૬૧ થઈ ગઈ છે.

પરિણામમાં ગ્રેસ માર્ક્સ મેળવનારા ૧૫૬૩ ઉમેદવારો માટે NEET UG રિ-એક્ઝામ લેવામાં આવી હતી. જેમાંથી માત્ર ૮૧૩ જ હાજર રહ્યા હતા. ૭૨૦માંથી ૭૨૦ માર્કસ મેળવનાર ૬માંથી ૫ વિદ્યાર્થીઓએ રિ-એક્ઝામમાં હાજરી આપી હતી. તેમાંથી કોઈએ રિ-એક્ઝામમાં ટોપ કર્યું નથી. જો કે, તમામ ૫ ઉમેદવારોએ ૬૮૦થી વધુ સ્કોર કર્યા છે.

છઠ્ઠા ઉમેદવારને ગ્રેસ માર્કસ દૂર કરીને તૈયાર કરેલા નંબરો સાથેની માર્કશીટ આપવામાં આવશે. આવી સ્થિતિમાં ટોપર્સની સંખ્યામાં હવે ૬નો ઘટાડો થયો છે. NEET UG ૨૦૨૪ કાઉન્સેલિંગ પ્રક્રિયા ૬ઠ્ઠી જુલાઈ ૨૦૨૪થી શરૂ થવાની છે.

NTAએ NEET UG પરીક્ષામાં ગ્રેસ માર્ક્સ મેળવીને પસંદ કરાયેલા ૧૫૬૩ ઉમેદવારો માટે ૨૩ જૂને રિ-એક્ઝામ હાથ ધરી હતી. લોસ ઓફ ટાઈમના કારણે નુકસાનની ભરપાઈ કરવા માટે ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા હતા.

NEET UG રિ-એક્ઝામમાં ૭૫૦ ઉમેદવારો હાજર રહ્યા ન હતા. કુલ ૧૫૬૩માંથી માત્ર ૮૧૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.


અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ



# શનિવારે મેળવી શાનદાર જીતઃ ભારતીય ટીમ હજી સ્વદેશ પરત કેમ નથી ફરી?

## ટી20 વર્લ્ડ કપ જીત્યો પણ ભારતીય સેના નથી પરત આવી સ્વદેશ; શનિવારે સાત રનથી ટી20 વિશ્વ કપ ભારેત જીત્યો; ખિતાબ મેળવ્યા બાદ હજી પરત નથી આવી ભારતીય ટીમ








T20 વર્લ્ડ કપ 2024ની ચેમ્પિયન ટીમ ઈન્ડિયા બેરીલ વાવાઝોડાના કારણે બાર્બાડોસમાં અટવાઈ ગઈ છે. ભારતીય ટીમને સોમવારે એટલે કે આજે ભારત આવવા માટે ન્યૂયોર્ક જવાની હતી. પરંતુ, ખરાબ હવામાનને કારણે ટીમનું શિડ્યુલ ખોરવાઈ ગયું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એટલાન્ટિકમાં આવી રહેલા બેરીલ વાવાઝોડાને 210 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ રહ્યો છે. કેટેગરી 4નું આ વાવાઝોડું બાર્બાડોસથી અંદાજે 570 કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં હતું અને તેના કારણે એરપોર્ટ પરની કામગીરી હાલમાં રોકી દેવામાં આવી છે. સ્થિતિ એવી છે કે એરપોર્ટને એક દિવસ માટે બંધ રાખવું પડી શકે છે.

T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ ભારતીય ટીમ બાર્બાડોસમાં ફસાઈ ગઈ છે. બેરીલ વાવાઝોડાને કારણે ત્યાંનું હવામાન ખૂબ જ ખરાબ છે. એવા સમાચાર મળી રહ્યા છે કે આ વાવાઝોડું ટૂંક સમયમાં કેરેબિયન ટાપુ પર ટકરાશે અને સ્થાનિક સરકારે તેને 'ખૂબ જ ખતરનાક' શ્રેણીમાં રાખ્યું છે. આવી સ્થિતિમાં BCCI ટીમ ઈન્ડિયાને ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા ભારત લાવવાના તમામ પ્રયાસો કરી રહ્યું છે.

T20 વર્લ્ડ કપ 2024 ફાઈનલ માટે રિઝર્વ ડે હોવાથી, બંને ફાઈનલિસ્ટની પ્રારંભિક યોજના સોમવારે ત્યાંથી નીકળવાની હતી. ANIના નવા રિપોર્ટ પ્રમાણે નવો કોઈ ઓર્ડર ન આવે ત્યાં સુધી બાર્બાડોસમાં એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે. શહેરમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે અને તમામ સ્ટોર્સ અને ઓફિસ બંધ છે. જેને કારણે ટીમ ઈન્ડિયા અને

ક્રિકબઝના અહેવાલ મુજબ, બીસીસીઆઈ લગભગ 70 લોકોની ભારતીય ટુકડી માટે એક ચાર્ટર કરવા પર વિચાર કરી રહી છે, જેમાં ક્રિકેટરો, તેમના પરિવારો, સહાયક સ્ટાફ અને અન્ય અધિકારીઓનો સમાવેશ થશે. બીસીસીઆઈના સચિવ જય શાહ તમામ વ્યવસ્થાની દેખરેખ રાખી રહ્યા છે.

એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે સમયપત્રક મુજબ, ટીમ અહીંથી (બ્રિજટાઉન) ન્યૂયોર્ક જવાની હતી અને પછી દુબઈ થઈને ભારત પહોંચવાની હતી. પરંતુ હવે અહીંથી સીધી દિલ્હી સુધી ચાર્ટર્ડ ફ્લાઈટ લેવાની યોજના છે. ત્યાં પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત અંગે પણ વિચારણા કરવામાં આવી રહી છે. સહાયક સ્ટાફ, પરિવારો અને અધિકારીઓ સહિત લગભગ 70 સભ્યો છે.

કેટલાક અહેવાલો સામે આવ્યા છે જેમાં કહેવામાં આવ્યું છે કે ટીમ 2 જુલાઈએ ભારત પરત આવી શકે છે. જોકે આ બધું ત્યાંના હવામાન પર નિર્ભર રહેશે.

ટીમે 29 જૂને T-20 વર્લ્ડ કપ જીત્યો હતો. ભારતીય ટીમ 17 વર્ષ બાદ આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની છે. આટલું જ નહીં, ભારતે 11 વર્ષના ICC ટ્રોફીના દુકાળનો અંત લાવ્યો છે. બાર્બાડોસમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 7 રનથી હરાવ્યું હતું.

# ICC એ T20 વર્લ્ડકપની 'ટીમ ઓફ ધી ટુર્નામેન્ટ' જાહેર કરી, 6 ભારતીય ખેલાડીઓને મળ્યું સ્થાન

ICCએ T20 વર્લ્ડ કપ 2024 માટે ટીમ ઓફ ધ ટુર્નામેન્ટની જાહેરાત કરી છે. આઈસીસીએ આ ટીમમાં ટાઈટલ વિજેતા ભારતીય ટીમના છ ખેલાડીઓને સામેલ કર્યા છે. આ સાથે જ રનર અપ સાઉથ આફ્રિકન ટીમનો કોઈ ખેલાડી ટોપ 11માં સ્થાન પામી શક્યો નથી. ICC ની ટુર્નામેન્ટની ટીમ આ પ્રમાણે છે.




**રોહિત શર્મા**

રોહિત શર્માએ આ વર્લ્ડ કપમાં તેની વિસ્ફોટક બેટિંગથી ટીમ ઈન્ડિયાને શાનદાર શરૂઆત અપાવી હતી. ભારતીય કેપ્ટને ટૂર્નામેન્ટમાં 156.7ના સ્ટ્રાઈક રેટથી સ્કોર કરીને 257 રન બનાવ્યા હતા, જે કોઈપણ ખેલાડી દ્વારા બીજા નંબરનો સૌથી વધુ રન છે. આઠ મેચોમાં ત્રણ અર્ધસદી સાથે, રોહિતે પણ ઉત્તમ સ્ટ્રાઈક-રેટ જાળવી રાખીને સાતત્ય દર્શાવ્યું હતું.

**સૂર્યકુમાર યાદવ**

ટુર્નામેન્ટમાં બે અડધી સદી અને ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં નિર્ણાયક 47 રન સાથે સૂર્યકુમાર યાદવે બેટિંગ કરવા માટે કેટલીક મુશ્કેલ વિકેટો પર મિડલ ઓર્ડરમાં આવીને સારું પ્રદર્શન કર્યું. તેણે બંને નોકઆઉટ મેચોમાં પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો, પહેલા ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં 47 રનની મહત્વની ઈનિંગ રમી ટીમને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર કાઢી અને પછી શ્રેષ્ઠ કેચ લઈને ભારતની ખિતાબ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી.

**હાર્દિક પંડ્યા**

હાર્દિક પંડ્યાએ નીચેના ક્રમમાં બેટ વડે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું અને ટીમને જ્યારે તેની જરૂર હતી ત્યારે બોલ વડે સફળતા પણ અપાવી. પરંતુ તેનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન ફાઈનલમાં આવ્યું, જ્યારે તેણે ઓફ-સ્ટમ્પની બહાર ધીમા બોલ વડે આક્રમક હેનરિક ક્લાસેનને આઉટ કરીને ભારતને જીત અપાવી. ફાઈનલમાં હાર્દિકે શાનદાર છેલ્લી ઓવર ફેંકીને ભારતને ટાઈટલ જીતવામાં મદદ કરી હતી.

**અક્ષર પટેલ**

બેટ સાથે મહત્વપૂર્ણ પ્રદર્શન, ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ કેચ અને બોલ સાથે નિર્ણાયક સ્પેલ, અક્ષર પટેલે સમગ્ર T20 વર્લ્ડ કપ દરમિયાન ચર્ચામાં રહે તેવી જ ઘટનાઓને અંજામ આપ્યા. વિવિધ ભૂમિકાઓ સાથે અનુકૂલન કરવાની અને પ્રભાવશાળી પ્રદર્શન કરવાની તેની ક્ષમતા ભારતના ટાઈટલ વિજેતા બનવામાં નિર્ણાયક સાબિત થઈ. ફાઈનલમાં તેને ઉપલા ક્રમમાં બેટિંગ કરવા માટે પ્રમોટ કરવામાં આવ્યો હતો. અક્ષરે કાઉન્ટર એટેક કરતી વખતે શાનદાર 47 રન બનાવ્યા, જેના કારણે વિરાટ કોહલીને ટકી રહેવા અને એન્કરની ભૂમિકા નિભાવવામાં મદદ મળી.

**જસપ્રીત બુમરાહ**

જસપ્રીત બુમરાહ ટૂર્નામેન્ટનો સર્વશ્રેષ્ઠ ખેલાડી હતો અને તે ટાઈટલ જીતવામાં ભારતનું ટ્રમ્પ કાર્ડ સાબિત થયો હતો. બુમરાહે લીધેલી 15 થી વધુ વિકેટ, ટીમના સ્કોરિંગ રેટને અંકુશમાં રાખવાની તેની ક્ષમતાએ તેને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભારતનો સૌથી મહત્વપૂર્ણ ખેલાડી બનાવ્યો. તેનો ઈકોનોમી રેટ 4.17 ટી20 વર્લ્ડ કપની કોઈપણ આવૃત્તિમાં કોઈપણ બોલર દ્વારા સર્વશ્રેષ્ઠ છે.

**અર્શદીપ સિંહ**

અર્શદીપ સિંહ ફઝલહક ફારૂકી સાથે આઠ મેચમાં 17 વિકેટ સાથે ટૂર્નામેન્ટમાં સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. આ લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર બોલ સાથે જસપ્રીત બુમરાહ માટે પરફેક્ટ પાર્ટનર સાબિત થયો. તે બંનેએ તેમના પ્રારંભિક પાવરપ્લે સ્પેલમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. ફાઈનલમાં અર્શદીપે ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે મેચના નિર્ણાયક સમયે ક્વિન્ટન ડી કોકની મોટી વિકેટ લીધી અને પછી માત્ર ચાર રન આપીને શાનદાર 19મી ઓવર ફેંકી.

# ઋષભ પંતનું શાનદાર પ્રદર્શન, ભારતીય ટીમને T20 વર્લ્ડ કપ ચેમ્પિયન બનાવી

રમત જગતમાં કહેવાય છે કે જ્યારે કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે ત્યારે તેને સાજા થવા અને મેદાન પર પ્રદર્શન કરવા માટે ઘણી મહેનત કરવી પડે છે. આ મહેનત કેટલી અને કેટલા સમય સુધી કરવામાં આવે છે તે વ્યક્તિની ઈજા પર આધાર રાખે છે. પરંતુ જ્યારે કોઈ ખેલાડી કાર અકસ્માતનો ભોગ બને છે ત્યારે તેને બાઉન્સ બેક કરવા માટે કેટલી મહેનત કરવી પડશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. પરંતુ ભારતીય ટીમના સ્ટાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે આ કરી બતાવ્યું છે.




પંતની કારનો અકસ્માત 30 ડિસેમ્બર 2022ના રોજ થયો હતો. આ પછી તેણે IPL 2024 સીઝનમાં વાપસી કરી. એટલે કે તેને મેદાનમાં પરત ફરતા લગભગ 15 મહિના જેટલો સમય લાગ્યો હતો. પરત ફર્યા બાદ પંતે સારી બેટિંગ કરી અને ટી20 વર્લ્ડ કપ 2024 માટે ટીમમાં જગ્યા પણ બનાવી.

હવે ઋષભ પંતે તેની પસંદગી યોગ્ય સાબિત કરી. પંતે આ T20 વર્લ્ડ કપ 2024 સીઝનમાં નંબર 3 પર બેટિંગ કરી હતી, પરંતુ તે સંદર્ભમાં કંઈપણ અસાધારણ બેટિંગ કરી ન હતી. પરંતુ તેણે ટીમ માટે ઘણા પ્રસંગોએ ચોક્કસપણે મેચ વિનિંગ ઇનિંગ્સ રમી હતી.

પંતે આ સિઝનમાં 8 મેચ રમી હતી, જેમાં તેણે 24.42ની એવરેજથી 171 રન બનાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 42 રન હતો અને સ્ટ્રાઈક રેટ 127.61 હતો. પંતે આ વર્લ્ડ કપમાં 6 સિક્સ અને 19 ફોર ફટકારી હતી. પંતે પાકિસ્તાન સામે 42 રન બનાવ્યા હતા. જ્યારે બાંગ્લાદેશ અને આયર્લેન્ડ સામે 36-36 રનની ઇનિંગ્સ રમી હતી.

જોકે, દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલ મેચમાં ઋષભ પંત પોતાનું ખાતું ખોલાવી શક્યો ન હતો. પરંતુ અકસ્માત બાદ પરત ફરતી વખતે પંતે આઈપીએલ અને વર્લ્ડ કપ બંને ટૂર્નામેન્ટમાં શાનદાર વિકેટકીપિંગ કર્યું છે. તેણે પોતાના પ્રદર્શનથી મહાન ખેલાડીઓને પણ પ્રભાવિત કર્યા છે.

# તેંડુલકરે જાડેજાના કર્યા વખાણ નિવૃતિને લઇ કહી મોટી વાત

ભારતીય ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ T20 વર્લ્ડકપ બાદ T20 ઇન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે રવિવારે ઇન્સ્ટાગ્રામ દ્વારા આની જાહેરાત કરી હતી. આ પહેલા વિરાટ કોહલી અને રોહિત શર્માએ પણ T20 ઇન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં આ ત્રણેય દિગ્ગજોની નિવૃત્તિથી ચાહકો ચોંકી ગયા છે.



જો કે ચાહકો તેને T-20 ઇન્ટરનેશનલમાં રમતા જોઈ શકશે નહીં, પરંતુ IPL, ટેસ્ટ અને ODIમાં જોઈ શકશે. T20Iમાંથી જાડેજાની નિવૃત્તિ બાદ તેને શાનદાર કારકિર્દી માટે અભિનંદન મળી રહ્યા છે. પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે જાડેજાની નિવૃત્તિ પર પ્રતિક્રિયા આપી છે.

સચિન તેંડુલકરે X પર લખ્યું- મારી કારકિર્દીના છેલ્લા તબક્કામાં ઉભરતી પ્રતિભામાંથી તમામ ફોર્મેટના અનુભવી ખેલાડીમાં તમારું પરિવર્તન નોંધપાત્ર રહ્યું છે. તેંડુલકરે જાડેજાની ફિલ્ડિંગની પણ પ્રશંસા કરી હતી. તેણે લખ્યું- તે તમારી વીજળીની-ફાસ્ટ ફિલ્ડિંગ હોય, રમત બદલતા સ્પેલ હોય કે મહત્વપૂર્ણ ઇનિંગ્સ. તમે અમને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. અદ્ભુત T20I કારકિર્દી માટે અભિનંદન! લાંબા ફોર્મેટમાં તમને શુભેચ્છા.

જાડેજાએ ઇન્સ્ટાગ્રામ પર નિવૃત્તિની જાહેરાત કરી હતી. ઈન્સ્ટાગ્રામ પર એક નોટ શેર કરતી વખતે જાડેજાએ કહ્યું- "ખૂબ આભાર સાથે હું T20 ઈન્ટરનેશનલ મેચોને અલવિદા કહી રહ્યો છું. તે એક અડગ ઘોડા જેવો છે, ગર્વથી દોડી રહ્યો છે.

# હવે કોણ બનશે ટીમ ઈન્ડિયાનો કેપ્ટન?: પંડ્યાનો દાવો સૌથી મજબૂત; પંત, સૂર્યા અને બુમરાહ પણ રેસમાં

29 જૂને, ભારત બીજી વખત T20 વર્લ્ડ કપ જીત્યો...



તેઓ ચેમ્પિયન બનતાની સાથે જ, ટીમના ત્રણ દિગ્ગજ ખેલાડીઓએ T20 ઈન્ટરનેશનલને અલવિદા કહ્યું, જેમાં વિરાટ કોહલી અને રવીન્દ્ર જાડેજા સાથે કેપ્ટન રોહિત શર્માનો સમાવેશ થાય છે.

હવે કયો કેપ્ટન આપણને આગામી T20 વર્લ્ડ કપ જીતાડશે શું તે સૂર્યકુમાર યાદવ હશે, જેણે ફાઈનલમાં ગેમ ચેન્જિંગ બદલાતા કેચ લીધો? તો શું હાર્દિક પંડ્યા હશે, જેણે ક્લાસેન અને મિલરને પેવેલિયનમાં મોકલ્યો કે પછી પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જસપ્રીત બુમરાહ અથવા મિરેકલ મેન રિષભ પંત હશે, જે મૃત્યુને હરાવી વિશ્વ ચેમ્પિયન બન્યો.

હાર્દિક પંડ્યા કેપ્ટન બનવાના દાવેદારોની રેસમાં સૌથી આગળ છે. તેની પાસે T-20 ઈન્ટરનેશનલની 100 મેચનો અનુભવ છે, જે અન્ય કોઈ દાવેદાર પાસે નથી. પંડ્યાએ 16 T-20 ઈન્ટરનેશનલ મેચમાં ભારતની કેપ્ટનશિપ કરી છે, જેમાંથી ટીમે 10 મેચ જીતી છે. હાર્દિકે તેની કેપ્ટનશિપ સ્કિલ્સથી ગુજરાત ટાઇટન્સને IPL 2022ની પ્રથમ સિઝનમાં ચેમ્પિયન બનાવ્યું હતું. 2023માં પણ પોતાની જાતને સાબિત કરી અને ટીમને સતત બીજી ફાઈનલમાં લઈ ગયો, જોકે ટીમ રનર અપ રહી. પંડ્યાએ 5 દ્વિપક્ષીય શ્રેણીમાં ભારતીય ટીમની આગેવાની કરી છે. જેમાંથી ભારતીય ટીમે 4માં જીત મેળવી છે. ટીમને માત્ર એક જ શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિકને નવો કેપ્ટન બનાવ્યો છે. ફ્રેન્ચાઈઝીએ તેને 15 કરોડ રૂપિયામાં ગુજરાત સાથે ટ્રેડ કર્યો, પરંતુ તે સારી કેપ્ટનશિપ કરી શક્યો નહીં અને ટીમ IPL પોઈન્ટ ટેબલમાં તળિયે રહી. પંડ્યાએ અત્યાર સુધી T-20 ઈન્ટરનેશનલમાં 1492 રન બનાવ્યા છે, પરંતુ તેની કેપ્ટનશિપમાં તેનું પ્રદર્શન નબળું રહ્યું છે. તે પોતાની કેપ્ટનશિપમાં માત્ર 296 રન જ બનાવી શક્યો છે.

જીતની જબરદસ્ત ભાવના પંતને ભારતીય કેપ્ટનની રેસનો દાવેદાર બનાવે છે. તે 18 મહિના પહેલાં હોસ્પિટલમાં હતો અને જીવન અને મૃત્યુ વચ્ચે લડી રહ્યો હતો, તેનો કાર અકસ્માત થયો હતો. ત્યારે કોઈએ વિચાર્યું ન હતું કે પંત ભારતની T20 વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હશે. 26 વર્ષના આ ખેલાડીએ પોતાની મહેનતના દમ પર માત્ર દોઢ વર્ષમાં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કમબેક કર્યું છે. તેણે T-20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે 42 રનની ઇનિંગ રમીને ભારતને 119ના સ્કોર સુધી પહોંચાડ્યું હતું. રિષભે T-20 ઈન્ટરનેશનલમાં 74 મેચ રમી છે અને 1158 રન બનાવ્યા છે. તેણે 5 મેચમાં ભારતનું નેતૃત્વ કર્યું અને બેમાં જીત મેળવી. એક અનિર્ણિત રહી હતી. પંતને IPL મેચમાં કેપ્ટનશિપ કરવાનો સારો અનુભવ છે. શ્રેયસની ઈજા બાદ તે 2021માં દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન બન્યો અને ટીમને સેમિફાઈનલમાં લઈ ગયો. પંત વિકેટની પાછળથી રમત ચલાવતો રહે છે. તેનામાં ધોની જેવા ગુણો છે. તેની નાની ઉંમરના કારણે બોર્ડ પંતને કેપ્ટન બનાવી શકે છે, કારણ કે પ્રશંસકોની લાગણી તેની સાથે છે. પંત પર બેદરકારીનો આરોપ છે. તે રમત દરમિયાન ઘણી વખત બેજવાબદારીપૂર્વક શોટ રમીને આઉટ થાય છે. 2016ના અંડર-19 વર્લ્ડ કપ પહેલાં તેને એશિયા કપ માટે ભારતીય ટીમનો કેપ્ટન બનાવ્યો હતો, પરંતુ કેટલાક કારણોસર તેને કેપ્ટનપદેથી હટાવી દેવામાં આવ્યો હતો.







સૂર્યકુમાર યાદવ પોતાના જોરદાર પ્રદર્શનથી ટીમ ઈન્ડિયાનો કેપ્ટન બનવાનો દાવો કરી રહ્યો છે. તેણે 68 મેચમાં 167.74ની સ્ટ્રાઈક રેટથી 2340 રન બનાવ્યા છે. તેણે પોતાની કેપ્ટનશિપમાં સદી ફટકારી છે. સૂર્યાની આગેવાનીમાં ભારતે 7માંથી 5 મેચ જીતી છે. સૂર્યાએ પોતાની કેપ્ટનશિપ હેઠળ 164.83ના સ્ટ્રાઈક રેટથી 300 રન બનાવ્યા છે. સૂર્યાને મુંબઈકર હોવાનો લાભ મળી શકે છે. ભારતીય કેપ્ટન રોહિત શર્મા પણ મુંબઈનો છે. મુંબઈના 4 ખેલાડીઓએ ભારતીય ટીમની કેપ્ટનશિપ કરી છે. સૂર્યકુમાર યાદવ બોર્ડનો વિશ્વાસ જીતી રહ્યા છે. ભારતીય બોર્ડે તેને કેપ્ટન તરીકે 3 વખત કેપ્ટનશિપ કરી છે અને તેમાંથી એકપણમાં તે નિષ્ફળ ગયો નથી. તેની પોતાની કેપ્ટનશિપમાં તેનો રેકોર્ડ પણ સારો છે. પંડ્યા અને પંત જેટલો નેતૃત્ત્વ તરીકેનો અનુભવ સૂર્યકુમાર પાસે નથી. તેણે 7 T-20 ઈન્ટરનેશનલ અને એક IPL મેચમાં કેપ્ટનશિપ કરી છે. આ કિસ્સામાં તેઓ પરાજિત થઈ શકે છે. સૂર્યકુમારની ઉંમરનું પરિબળ તેની તરફેણમાં નથી. તે 33 વર્ષનો છે, તેથી બોર્ડ આવા ખેલાડીને કેપ્ટન બનાવવા માગે છે, જે થોડા વર્ષો સુધી ટીમની કમાન સંભાળી શકે.

જસપ્રીત બુમરાહ, ભારતીય ટીમમાં ટ્રમ્પ કાર્ડ. 70 મેચમાં 89 વિકેટ લીધી છે. તેના નામે ઘણા રેકોર્ડ છે, પરંતુ તેણે માત્ર 2 મેચમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ કરી છે અને બંને મેચ જીતી છે. બુમરાહ તેની કેપ્ટનશીપમાં રમાયેલી 2 મેચમાં માત્ર 4 વિકેટ જ લઈ શક્યો છે. રોહિત, કોહલી અને જાડેજાની નિવૃત્તિ બાદ બુમરાહ સૌથી સિનિયર છે. તેથી બોર્ડ બુમરાહના નામ પર વિચાર કરી શકે છે. બુમરાહને બે વખત ભારતીય ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે અને તેણે બંને વખત ટીમ ઈન્ડિયાને જીત અપાવી છે, જેનાથી બુમરાહનો દાવો મજબૂત થઈ રહ્યો છે. બુમરાહ ઘણા મહત્વપૂર્ણ પ્રસંગોએ ઈજાગ્રસ્ત થાય છે. આવી સ્થિતિમાં, ફિટનેસ તેના કેપ્ટન બનવાના માર્ગમાં અવરોધ બની શકે છે. અત્યાર સુધી કોઈ બોલર ભારતીય T-20 ટીમનો નિયમિત કેપ્ટન બન્યો નથી. મોટાભાગના બેટર્સને કેપ્ટનપદ આપવામાં આવ્યું છે.


આગામી એક કે બે વર્ષમાં ભારતીય બોર્ડે ટીમ માટે ટેસ્ટ અને વન-ડે કેપ્ટનની પણ શોધ કરવી પડશે, કારણ કે T20 ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધા બાદ રોહિતે WTC 2023-25ની ફાઈનલ સુધી ભારતીય ટીમનું સુકાન સંભાળ્યું છે. મોસમ 2027 T20 વર્લ્ડ કપમાં તેની કેપ્ટનશિપ પર શંકા છે, કારણ કે તે સમયે તે 40 વર્ષનો હશે.




# વર્લ્ડકપ જીત્યા બાદ ધ્રુસકે-ધ્રુસકે રડ્યો હાર્દિક, છતાં કેમ ન પીગળ્યું નતાશાનું દિલ?

ટીમ ઈન્ડિયાએ સાઉથ આફ્રિકાને હરાવીને ટી20 વર્લ્ડ કપ જીત્યો હતો. આ જીત બાદ મેદાન પર ખુશીના આંસુ જોવા મળ્યા હતા. કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલીથી લઈને વાઈસ કેપ્ટન હાર્દિક પંડ્યા સુધીની પાંપણ ભીની જોવા મળી હતી. જીત બાદ સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ હતો.વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા શર્મા અને બાળકો સાથે વીડિયો કોલ પર વાત કરતો જોવા મળ્યો હતો પરંતુ હાર્દિક પંડ્યા એકલો જોવા મળ્યો હતો. તેની પત્ની નતાશા સ્ટેનકોવિક ન તો સ્ટેડિયમમાં જોવા મળી હતી અને ન તો તેણે સોશિયલ મીડિયા પર કોઈ પોસ્ટ શેર કરી હતી કે ન તો તેને જીત પર અભિનંદન આપવા માટે વીડિયો કોલ કર્યો હતો. ત્યાર બાદ ફરી એકવાર નતાશા અને હાર્દિકના સંબંધોમાં ખટાશના સમાચારે જોર પકડ્યું હતું. સાઉથ આફ્રિકા સામેની મેચ એટલી રોમાંચક હતી કે એક સમયે ભારતની હાર નિશ્ચિત જણાતી હતી. પરંતુ ભારતીય બોલરોએ અંત સુધી આશા ગુમાવી ન હતી અને જીત મેળવવામાં સફળ રહ્યા હતા. હાર્દિક પંડ્યાએ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને ખતરનાક દેખાતા હેનરિક ક્લાસેનની વિકેટ લઈને ભારતની વાપસી કરી હતી.





# વાદળોનું નિવાસસ્થાન – મેઘાલય

**મેઘાલયનાં ગાઢ જંગલો અને વાદળોમાં ખોવાય જતા પહેલા તેના મુખ્ય મથક શિલોંગની લટાર લગાવીએ. શિલોંગ એ ખૂબ જ મોર્ડન અને વેસ્ટર્ન કલચરથી પ્રભાવિત જોવા મળે. અહી ખૂબજ યુનિક કેફે આવેલા છે. જ્યાં બેસી આરામથી સુંદર વ્યુ જોતા જોતા કોફીની લુફ્ત માણી શકાય. અહી લોકોમાં નોનવેજ વધુ પ્રમાણમાં જોવા મળે છતાં પણ સારા એવા પ્રમાણમાં સ્વાદિષ્ટ વેજ ફૂડ મળી રહે.**

એ જો તો ઓલું વાદળું ઘોડા જેવું લાગે છે.. અરે ના ઈ તો ભાલું જેવું લાગે છે.. આમ જો અધ્ધર.. વાદળાં કેવાં દોડી જાય છે. ધોળા ધોળા રૂ ના ઢગલા જેવાં આ વાદળો ક્યાં જતાં હશે ક્યાંથી આવતાં હશે આવા બધા સવાલો દરેકને નાનપણમાં થયા જ હશે. આજે પણ આપણી આસપાસ બાળકોમાં આવી કુતૂહલતા જોઈ શકીએ છીએ. મનમાં એવો સવાલ થતો ક્યાં હશે આ વાદળોના ઘર ? એ આમ સતત ઊડતા જ રહેતાં હશે ? શુ સાંજે એમના ઘરે નહીં જતાં હોય ? દરેકના શૈશવમાં બાળ સહજ મનમાં ઊઠેલા એ સવાલોના જવાબો આજે આપણે શોધીએ. ચાલો જઈએ વાદળોના દેશમાં. હા સાચું જ સાંભળ્યું આજે આપણે વાદળોના ઘરે મહેમાનગતિ માણવાની છે. કુદરતે ભારતને છુટા હાથે અપાર વિવિધતા બક્ષી છે. ઉત્તરમાં પર્વત રાજ હિમાલય એની અનન્ય છટામાં બિરાજમાન છે તો દક્ષિણે હિન્દ મહાસાગરના નાદ ગુંજે છે, પશ્ચિમમાં જ્યાં વેરાન રણની રેતીની લહેરખીઓ ઊડે છે તો પૂર્વમાં ગાઢ જંગલોને વરસાદની રેલમછેલ છે. આજે આપણે એ જ ગાઢ લીલાં જંગલો અને વાદળો સાથે મુસાફરી કરવાની છે.

ઉત્તર પૂર્વની સેવન સિસ્ટર્સમાંથી આજે આપણે મેઘાલયનાં વાદળો પર અલાદીનનો કાલીન તેને ઘુમાવે એમ અહીંનાં વાદળોની સવારી કરવાની છે. મેઘાલય શબ્દનો અર્થ જ વાદળોનું નિવાસસ્થાન એવો થાય. આ રાજ્ય તેના નામની જેમ જ નિરાલું છે. બ્રિટિશ કાલીન સમયગાળા દરમિયાન તે બ્રિટિશ હુકૂમત હેઠળ હતું તે સમયે બ્રિટિશરો તેને જભજ્ઞહિંફક્ષમ જ્ઞર યફતિં કહેતાં. એ તો તેમનો નજરીયો હતો આપણા માટે તો એ મેઘાલય જ છે. દુનિયાનો સૌથી વધુ વરસાદ અહીં જ ચેરાપૂંજીના મૌસિનરમમાં જ નોંધાય છે એ હકીકત તો દરેકની જાણીતી છે. એથી વિશેષ આપણે તો મેઘાલયની સુંદરતા ત્યાંના લોકોની સંસ્કૃતિ , તેમના રીતરિવાજોથી પરિચિત થવાનું છે જે ખરેખર ખૂબ જ નિરાળા છે. અહી ભટકતા ભટકતા શું ખબર ક્યાંય હવામાં કાલીદાસના મેઘદૂત સાથે મુલાકાત થઈ જાય. મેઘાલયમાં મુખ્ય ત્રણ હિલ્સ આવેલા છે . જે ગારો , ખાસી અને જેન્તીયા છે. જેના નામ તેના પર વસવાટ કરતી ટ્રાઈબ્સના નામ પરથી રાખવામાં આવ્યા છે. ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો મેઘાલયની હિલ્સ એ હિમાલયનો ભાગ નથી પણ છોટા નાગપુરના ઉચ્ચ પ્રદેશનો ભાગ છે.

મેઘાલયનાં ગાઢ જંગલો અને વાદળોમાં ખોવાય જતા પહેલા તેના મુખ્ય મથક શિલોંગની લટાર લગાવીએ. શિલોંગ એ ખૂબ જ મોર્ડન અને વેસ્ટર્ન કલચરથી પ્રભાવિત જોવા મળે. અહી ખૂબજ યુનિક કેફે આવેલા છે. જ્યાં બેસી આરામથી સુંદર વ્યુ જોતા જોતા કોફીની લુફ્ત માણી શકાય. અહી લોકોમાં નોનવેજ વધુ પ્રમાણમાં જોવા મળે છતાં પણ સારા એવા પ્રમાણમાં સ્વાદિષ્ટ વેજ ફૂડ મળી રહે.

ખાસ કરીને પુલીસ બજાર માર્કેટમાં ગરમાગરમ મોમોઝ ખાવા ન ભૂલવા જોઈએ. શિલોંગમાં સૌથી ઊંચા ભાગ કે જેને શિલોંગ પોઈન્ટ તરીકે ઓળખવામાં આવે છે ત્યાંથી પૂરા શહેરના વ્યૂ જોઈ શકાય અહી ઈન્ડિયન નેવીનું રડાર સ્ટેશન પણ છે. મેઘાલયમાં એશિયાની સૌથી સ્વચ્છ નદી ડાવકી નદી જેન્તીયા અને ખાસી હિલ્સ વચ્ચે વહીને બાંગ્લાદેશમાં દાખલ થાય છે. જે ઉમનગોટ રિવર તરીકે પણ ઓળખાય છે.આજ કાલ સોશિયલ મીડિયા પર આ નદી ખૂબ જ લોકપ્રિય બની છે. કહીનું ક્રિષ્ટલ ક્લિયર વોટર તેની સુંદરતામાં વધારો કરે છે. એકદમ ચોખ્ખું અને વાદળી રંગનું પાણી જેમાં તળિયા સુધી જોઈ શકાય એટલી પારદર્શકતા. અહી બ્રિટિશ સમય દરમિયાન બાંધવામાં આવેલ સસ્પેંશન બ્રિજ આવેલો છે. સ્થાનિકો દ્વારા અહી બોટ રાઈડિંગ કરાવવામાં આવે છે. નદીમાં તરતી બોટનો પડછાયો પણ પાણીમાં જોઈ શકાય તેવી નિર્મળતા. અહીં નદીમાં સ્થાનિકો દ્વારા ફીશિંગની પ્રવૃત્તિ થાય છે. મોટા ભાગે ટુરિસ્ટ અને માછીમારી જેવાં કામોમાં જ તેમનો સમય પસાર થાય છે.મહિલાઓ અને પુરુષો માથાં પર વાસમાંથી બનાવેલી ટોપી જેવી મોટી બાસ્કેટ ઓઢેલી જોવા મળશે.તેમનું જીવન ખૂબ જ સાદું પણ એટલો જ આનંદ અને સંતોષ તેમના ચહેરા પર જોઈ શકાય.અહીંના ખાસી કલચરમાં એક ખૂબ જ અનોખી અને નિરાળી વાત જોવા મળે છે. ખાસી ટ્રાઈબ્સમાં મહિલાઓની સ્થિતિ ખૂબ જ સશક્ત જોવા મળે છે. અહીંની મહિલાઓ ઘરના આર્થિક નિર્ણયો લે છે, ઘરમાં નાની દીકરીના નામે બધી મિલકત કરવામાં આવે છે. અહીં લગ્નબાદ છોકરી સાસરે નથી જતી પણ છોકરો પોતાની સાસરીમાં આવી ને રહે છે. તેમજ સૌથી સુંદર વાત કે અહીં બાળકના નામ પાછળ તેની માતાનું નામ લાગે છે. ખાસી ટ્રાઈબ્સનાં ઘરો પણ યુનિક છે. ખૂબ જ વરસાદને કારણે તેઓ પોતાનાં ઘરો વાસના સહારે ઊંચાઈ પર બાંધે છે. મેઘાલયનાં ગામડાઓ ખૂબ સ્વચ્છ અને સાદગીવાળા જોવા મળશે. અહીંનું એક ગામ એવું છે જેને વિસલિંગ વિલેજ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે અહીં દરેકના નામ મ્યુઝિક ટ્યુન જેવા છે લોકો એક બીજાના નામ ગાઈને બોલાવે છે. આવી યુનિક બાબતો મેઘાલયને વધુ ખાસ બનાવે છે. લોકો ખૂબ જ મહેનતુ અને કુદરત સાથે જોડાયેલા છે. વાસમાંથી વિવિધ બાસ્કેટ બનાવવામાં તેમની ખૂબ જ આવડત છે. અહીંનાં બાળકો ફૂટબોલના બહુ જ શોખીન છે.

### ક્યાંકને ક્યાંય ફૂટબોલની રમત ચાલતી જોવા મળે જ.

મેઘાલયમાં એટલા વોટરફોલ છે કે તેને લેન્ડ ઓફ વોટર ફોલ લોકો કહેવા લાગ્યા છે. મન મુકીને વરસતાં વાદળો અને વહેતી નદીઓ જ્યારે પહાડીઓ પરથી પસાર થાય છે ત્યારે માનવજાતને ઘણું શીખવી જાય છે. નદી પહાડોને ચીરીને આગળ નીકળશે કાં તો ધોધ બની વહી જશે ગમે તે મુશ્કેલીઓ આવે તે પોતાનું વહેવાનું છોડતી નથી. શિલોંગથી ખૂબ જ નજીક એલીફન્ટ વોટર ફોલ આવેલો છે, જે નામ અંગ્રેજોએ આપેલું છે. અહીં ખૂબ જ સુંદર દ્રશ્ય સર્જાય છે. મેઘાલયમાં વિશ્ર્વમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હોય તેવું સ્થળ એટલે મૌસીનરમ. ખાસી હિલમાં આવેલું આ રમણીય ગામનો વરસાદ જીવનમાં એકવાર જરૂરથી માણવો જોઈએ.




# બ્રાન્ડ માટે જરૂરી સમય સાથે બદલાવ

અંગ્રેજીમાં કહેવત છે કે ચેન્જ ઈઝ ધ ઓન્લી કોન્સ્ટન્ટ અર્થાત્ પરિવર્તન જ એક સ્થિર સ્થિતિ છે. બીજા શબ્દોમાં પરિવર્તન દુનિયાનો નિયમ છે. આજે આ વાત આપણે ડગલે ને પગલે અનુભવી રહ્યા છીએ. જે વ્યક્તિ સમય સાથે નથી બદલાતી તેના માટે જીવનમાં આગળ વધવું ઘણીવાર મુશ્કેલ થઇ જાય છે. આંખના પલકારે બદલાતી દુનિયામાં માનવની રીતભાત, જીવનશૈલી અને વિચારધારા પણ તેને અનુરૂપ બદલાતી જાય છે. તેનો ટેસ્ટ બદલાતો જાય છે. હરહંમેશ તે કશાક નવાની શોધમાં છે, પછી તે તેની રોજબરોજની વાપરવામાં કે ઉપયોગમાં આવતી વસ્તુ હોય, ખાવાના પદાર્થ હોય કે પછી અનુભવો. આવી પરિસ્થિતિ બ્રાન્ડ્સ માટે મોટો પડકાર છે. જો તે બદલાતા સમયને, વલણને પારખી ના શકે અને તેને આધારે પોતાની બ્રાન્ડમાં બદલાવ ન લાવે કે મોડો લાવે; ત્યાં સુધી તો બીજી ચાર નવી બ્રાન્ડ્સ તેનો માર્કેટ શેર લઈ ચૂકી હોય છે.

માર્કેટ રિસર્ચ કહે છે કે, આજનો ક્ધઝ્યુમર દિવસમાં આશરે ૫૦૦૦ માર્કેટિંગના મેસેજને જાણતા અજાણતા ગ્રહણ કરે છે. સવારે ઊઠતાની સાથેજ ૧૦-૧૫ બ્રાન્ડ્સના દર્શન તો ૧૦-૧૫ મિનિટમાંજ કરી લે છે. એવી ધારણા છે કે ચા, વૃત્ત પત્રો અર્થાત ન્યૂઝ પેપર, ટૂથ પેસ્ટ વિગેરે જેવી બ્રાન્ડ્સમાં બ્રાન્ડ લોયલટી અર્થાત બ્રાન્ડ પ્રત્યેની વફાદારી જોવા મળે છે, પરંતુ આજના આ કાળમાં આ એક ધારણા જ છે. કારણ આજનો ક્ધઝ્યુમર સાહસિક છે, તેને નવું નવું ટ્રાઇ કરવામાં રસ છે. તે ફક્ત વેનીલા કે કાજુ-દ્રાક્ષથી સંતોષ નથી માનતો, તે નવા ફ્લેવર્સની રાહ જોતો રહેશે અને તેનો અનુભવ લેતો રહેશે.

કહેવાય છે ને કે "નેસેસિટી ઈઝ ધ મધર ઓફ ઓલ ઈન્વેન્શન, જરૂરિયાત આવિષ્કારની જનની છે. આ ઝડપથી બદલાતા દોરમાં નવી બ્રાન્ડ્સ ઉત્પાદનોમાં અને સેવાઓમાં આવતી જ રહે છે. ત્યાં સુધી કે નખ આપણે ઘરે કાપતા હતા ત્યારે આજે નેલ શેપિંગ અને નેલ આર્ટથી લઈ ને હેડ એન્ડ હેર સ્પા સુધી. વારે તહેવારે રાત્રે રેસ્ટોરંટમાં જઈને જમવાનો આનંદ લેતા તેની સામે સવારનો નાસ્તો પણ ળજ્ઞબશહય ફા થી ઓર્ડર કરી તમારા સમયે હાજર થઈ જાય.

જેમ આપણે જોયું કે એક તરફ ક્ધઝ્યુમરને નવા અનુભવોની ભૂખ છે, તો સામે છેડે બ્રાન્ડ્સ તે ભૂખને અલગ અલગ રીતે સંતોષે છે. આવા સમયમાં તત્પૂરતા ઉકેલો મળી જાય છે, પરંતુ જો બ્રાન્ડને લાંબા ગાળે ટકવું હશે, ટોપ ઓફ ધ માઇંડ રહેવું હશે અને બ્રાન્ડ લોયલટી અર્થાત બ્રાન્ડ પ્રત્યેની વફાદારી ઊભી કરવી હશે તો નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લેવા પડશે:

સૌપ્રથમ બદલાવની માનસિકતા ઊભી કરવી પડશે અર્થાત બદલાવ માટે તૈયાર રહેવું પડશે

હોઈ શકે કે આજસુધી તમારું પ્રોડક્ટ જેમ બનાવ્યું હતું તેમ ચાલી ગયું પણ કદાચ આજની તારીખે તે આઉટ ડેટેડ થઇ ગયું હોય આથી મોજૂદા પ્રોડક્ટમાં અવિરત રીતે સમય સાથે બદલાવ લાવવો પડશે

મોટે ભાગે પ્રોડક્ટ ઓફરિંગ સરખી જ હોય છે, આજે તમે જે આપો છો તે જ વસ્તુ કાલે બીજો આપશે. આથી પ્રોડક્ટ બેઝડથી ઉપર વેલ્યૂ બેઝડ પ્રપોઝિશન આપી ક્ધઝ્યુમરના દિલ-દિમાગ પર મારી બ્રાન્ડ માટે પ્રેમ અને આદર ઊભો કરવો પડશે

આજના સમયે બ્રાન્ડ પ્રત્યેની વફાદારી પહેલા બ્રાન્ડ માટે ક્ધઝ્યુમર ઍંગેજમેંટ ઘણુ જરૂરી થઈ ગયુ છે. જ્યાં જ્યાં ક્ધઝ્યુમર જાય ત્યાં ત્યાં મારે બ્રાન્ડનો મેસેજ પહોંચાડવો પડશે. ત્યારે કદાચ મારી બ્રાન્ડ ક્ધઝ્યુમરના કન્સિડરેશન સેટમાં આવશે અર્થાત મારી બ્રાન્ડ માટે લોકો વિચારવાની શરૂઆત કરશે

આજનો ક્ધઝ્યુમર ઘણીબધી ચીજો કરે છે જેને અંગ્રેજીમાં મલ્ટી ફેસેટેડ કહેવાય છે; તે દિવસ દરમ્યાન ઓફિસમાં પ્રમાણિકતાથી કામ કરે છે તો સાંજે પબમાં જઈને પાર્ટી પણ કરે છે અને વીકએન્ડમાં પરિવાર સાથે સમય પણ ગાળે છે. શું આપણે આપણા આ ટાર્ગેટ ઓડિયેન્સને તે જેવી રીતે જીવે છે તે રીતે અપ્રોચ (મલ્ટી ફેસેટેડ વેથી) કરી રહ્યા છીએ! આપણા પ્રોડક્ટ / સર્વિસ તેને અનુરૂપ બનાવવા પડશે

બીજી બ્રાન્ડ્સ જે કરે છે કાંતો આજે ક્ધઝ્યુમરને જેની જરૂરત છે તે આપવામાં ખોટું નથી પરંતુ આજે ભવિષ્યનો રુખ પારખી નવા ટ્રેંડ્સ સ્થાપિત કરી એક ઈનોવેટર અને બ્રાન્ડ લીડર તરીકે પોતાને પ્રસ્થાપિત કરવું જરૂરી છે.

મોટાભાગની બ્રાન્ડ આજે યુવાનોને ટાર્ગેટ કરવામાં વ્યસ્ત છે. ત્યારે આની સાથે સાથે નવા નવા સેગમેંટ્સ (ક્તુભવજ્ઞલફિવશભ, ઉયળજ્ઞલફિવશભ ફક્ષમ ઋયશજ્ઞલફિવશભ) ઓળખી તેને ટાર્ગેટ કરવા તરફ ધ્યાન આપવુ જોઈએ.

સૌથી મહત્ત્વનું આજે જ્યારે ક્ધઝ્યુમર આપણને દોરી રહ્યો છે બદલાવ માટે ત્યારે હું શું મારું બ્રાન્ડ કમ્યુનિકેશન / એડવર્ટાઇઝિંગ તેને અનુરૂપ બનાવું છું? તેને ધ્યાનમાં રાખી, તેની આદતો, શોખો, ગમા-અણગમા સમજીને મારું કમ્યુનિકેશન ડેવેલપ થવું જોઈએ.આવા સતત બદલાતા વાતાવરણમાં / સમયમાં કંપનીઓએ સજાગ રહેવું પડે છે; કારણકે તેઓની બ્રાન્ડ માટે એક છેડે પડકાર છે બ્રાન્ડને સસ્ટેન અર્થાત પકડી રાખવાનો તો બીજી તરફ નવું આપી માર્કેટ અને માઇંડ શેર મેળવવાની તક પણ છે. અને આ સ્થિતિ જે પાર કરી શકે તે બ્રાન્ડ ફક્ત ટૂંકા ગાળા માટે માર્કેટમાં નથી રમતી પણ તે બ્રાન્ડ માર્કેટમાં એક સફળ અને સમયને અનુકૂળ બ્રાન્ડ તરીકે પોતાને પ્રસ્થાપિત કરે છે.

# યે બેચારા, એક્ઝામ કે બોજ કા મારા

## ‘નીટ’ જેવી જાતભાતની પ્રવેશ-પરીક્ષાઓને લીધે માર્કશીટ વિદ્યાર્થી માટે પ્રેશરશીટ અને પરિવાર માટે પ્રેસ્ટિજશીટ બની ગઈ છે ત્યારે ભ્રષ્ટાચાર આભડી ગયો છે એવી બધી પરીક્ષાનું પડીકું વાળીને દૂર દૂર ફગાવી દો

દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(નીટ)નાં પેપર ફૂટી ગયાં તેની મોંકાણ ચાલુ જ છે ત્યારે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ નીટસહિતની પરીક્ષાઓ જ રદ કરી દેવાની માગણી કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં મમતાજીએ વિનંતી કરી છે કે,નીટનું પડીકું કરીને પહેલાં રાજ્ય સરકારો એડમિશન માટે પોતાની મેડિકલ ટેસ્ટ લેતી હતી એ સિસ્ટમ ફરી અમલી બનાવવી જોઈએ. મમતાની માગણીને તમિલનાડુના મુખ્ય મંત્રી એમ.કે.સ્ટાલિન સહિતના બીજા બિન-ભાજપ મુખ્ય મંત્રીઓએ પણ ટેકો આપ્યો છે.

મમતા કોઈ પણ વાત કરે એટલે તેનો વિરોધ કરવા કૂદી પડવું એ ભાજપનો મંત્ર છે તેથી આ મુદ્દે પણ ભાજપના નેતાઓ મમતાની વાત વાહિયાત હોવાના દેકારા સાથે મચી પડ્યા છે , પણ મમતાએ એક વ્યાજબી મુદ્દો ઉઠાવ્યો છે.નીટમાં પેપર ફૂટ્યાં, સેન્ટરોમાં બેસીને નિષ્ણાતોએ જવાબ લખાવ્યા, ડમી ઉમેદવારો બેસાડાયા, ચોક્કસ વિદ્યાર્થીઓને ફાયદો કરાવવા માટે ગ્રેસ માર્ક્સ અપાયા, અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો સહિતની પોલ ખૂલી પછીનીટની પરીક્ષાની વિશ્ર્વસનિયતાના ધજાગરા ઊડી ગયા છે. કેન્દ્ર સરકાર જ્યારે નીટ લાવી ત્યારે દાવો કરાયેલો કે, આખા દેશમાં મેડિકલ કોલેજોમાં એડમિશન માટે એક જ પરીક્ષા હશે તો વિદ્યાર્થીઓને સમાન તક મળશે અને અન્યાય નહી થાય. એડમિશન લેવાની પ્રક્રિયા પણ સરળ બનશે.

જો કે અત્યારે જે સ્થિતિ છે તેમાં તો નીટના કારણે હોશિયાર વિદ્યાર્થીઓ હતાશામાં સરી પડ્યા છે. મેરિટ વિનાના વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક્સ આપીને જે બીજી રીતે ફાયદો કરાવવામાં આવી રહ્યો છે એ જોતાં બીજું થાય પણ શું? નીટ જે ઉદ્દેશ સાથે શરૂ કરાયેલી એ ઉદ્દેશ તો બાજુ પર જ રહી ગયો છે પણ ઊલટાનું ભ્રષ્ટ તંત્રના કારણે વિદ્યાર્થીઓને તણાવ આપીને હતાશા તરફ ધકેલાઈ રહ્યા છે. આ જોઈને વિદ્યાર્થીઓની દયા આવે છે ને આપણા તંત્ર પર ગુસ્સો આવે છે. દેશનું ભાવિ મનાતા વિદ્યાર્થીઓના જીવન સાથે કઈ રીતે ચેડાં કરી શકાય? નીટનું તંત્ર સાવ ખાડે ગયું છે એ જોતાં મમતાની વાત સાચી છે. નીટને અભરાઈ પર જ ચડાવી દેવી જોઈએ.મમતાએ તો માત્ર નીટની વાત કરી છે પણ વાસ્તવમાં આપણે ત્યાં અંડર ગ્રેજ્યુએશન માટે એડમિશનની આખી જે પ્રક્રિયા છે એ જ શંકાસ્પદ છે અને તેને જ બદલવાની જ રૂર છે. અત્યારે જે સિસ્ટમ છે તેમાં બારમા ધોરણના વિદ્યાર્થીઓ બિચારા જાત જાતની પરીક્ષાઓના ભાર નીચે જ દબાઈને મરી જાય છે. પહેલાં જે સિસ્ટમ હતી તેમાં બારમા ધોરણની બોર્ડની પરીક્ષામાં જે માર્ક્સ આવે તેના આધારે વિદ્યાર્થીને મેડિકલ, એન્જિનિયરિંગ સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ મળતો હતો તેના કારણે વિદ્યાર્થી બારમાની બોર્ડની પરીક્ષામાં પૂરી તાકાત લગાવીને મચી પડતો.અત્યારે બોર્ડની પરીક્ષાનું ભારણ તો છે જ પણ મેડિકલ અને એન્જિનિયરિંગમાં એડમિશન માટેનીટઅને જેઈઈ-એડવાન્સજેવી પરીક્ષાનું ભારણ અલગ અને વધારાનું હોય છે. આ સિવાય ગુજરાતમાં એન્જીનિયરિંગ ફાર્મસી વગેરેમાં એડમિશન માટે ગુજકેટલેવાય છે એ રીતે બીજાં રાજ્યોમાં લેવાતી પરીક્ષાનો બોજ અલગ છે. આર્કિટેક્ચર, પ્લાનિંગ, ડિઝાઈનમાં એડમિશન લેવું હોય તો તેમાં પાછી આ બધી પરીક્ષામાંથી કોઈ ના ચાલે. તેના માટે નાટા, જેઈઈ જેવી પરીક્ષાઓ પાછી અલગથી આપવી પડેપ.! પાછાં પોતાને ટોચનાં માનતાં ઈન્સ્ટિટ્યૂટ પાછાં આ કોઈ પરીક્ષાને ગણકારતાં નથી ને પોતાની પરીક્ષા અલગ લે છે તેથી તેમાં એડમિશન લેવું હોય તો એ માટેની પરીક્ષા અલગથી આપવી પડે. દેશભરમાં એકસરખી સિસ્ટમ લાવવાની વાતો કરતા નેતાઓ આ સંસ્થાઓને કોમન ટેસ્ટના નિયમો કેમ લાગુ નથી પાડતા એ સમજવા જેવું છે.આ બધી પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીની હાલત અભિમન્યુ જેવી થઈ ગઈ છે કે જેણે એક પછી એક કોઠા વીંધવા પડે ને તેમાંથી કોઈ કોઠામાં તો બિચારો ઢળી જ પડે.આ સ્થિતિ માટે આપણા રાજકારણીઓ જવાબદાર છે કે જેમણે ભ્રષ્ટાચાર કરી શકાય એ માટે આખી સિસ્ટમને જ વેરવિખેર કરી નાખી. ખરી જરૂરશિક્ષણને વધારે સ્પર્ધાત્મક અને અઘરું બનાવવાની છે ત્યારે તેમણે પ્રવેશની પ્રક્રિયાને અઘરી કરી નાખી છે જ્યારે શિક્ષણને સાવ હલકું કરી નાખ્યું છે. શિક્ષણનું સ્તર નીચું જતાં બોર્ડનાં તોતિંગ પરિણામ આવે છે, બલ્કે ધડાધડ ખોલી દેવાયેલી મેડિકલ ને એન્જિનિયરિંગ કોલેજોને બકરા મળી રહે એ માટે બોર્ડની પરીક્ષાનાં પરિણામ ઊંચાં અપાય છે. તેના કારણે સ્થિતિ એ પેદા થઈ રહી છે કે શિક્ષણનું સ્તર ખાડે ગયું છે અને શિક્ષણ પાછળના ખર્ચનું સ્તર ઉંચું ને ઉંચુ જતું જાય છે.આ સ્થિતિ બદલવી જરૂરી છે ને તેના માટે એડમિશન પ્રક્રિયાને સરળ બનાવવી પડે. તેની શરૂઆત પાયાના શિક્ષણથી કરવી પડે , પણ કમનસીબે આપણી સરકારો પણ વિદ્યાર્થીઓ પરથી બોજ ઘટાડવાના બદલે વધાર્યા કરે છે.મોદી સરકારે ૨૦૨૧માં જાહેર કરેલી નવી શિક્ષણ નીતિ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મોદી સાહેબે કહેલું કે,માર્કશીટ વિદ્યાર્થી માટે પ્રેશરશીટ અને પરિવાર માટે પ્રેસ્ટિજશીટ બની ગઈ છે તેથી નવીશિક્ષણનીતિ વિદ્યાર્થીઓના મગજ પરથી માર્કશીટનું દબાણ દૂર કરવા માટે છે. મોદી સાહેબે ક્લાસરૂમને દીવાલોની વચ્ચે કેદ નહીં કરવાનો દાવો કરીને શિક્ષણ માટે ફાઈવ ‘સી’નો મંત્ર પણ આપેલો.મોદી સાહેબના કહેવા પ્રમાણે,એકવીસમી સદીમાં શિક્ષકોએ ક્રિટિકલ થિંકિંગ, ક્રિયેટિવિટી, કોલાબરેશન, ક્યુરિયોસિટી અને કમ્યુનિકેશન એ પાંચ કૌશલ્ય કેળવવાં પડશે. વિદ્યાર્થીઓએ આ ગુણોને આત્મસાત કરીને તેના આધારે આગળ વધવું પડશે.કમનસીબે,મોદી સરકારની નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓનો બોજ ઘટાડવાના બદલે વધારે છે. નવી શિક્ષણ નીતિમાં સ્કૂલ શિક્ષણનું નવું ફોર્મેટ બાળકોને અધમૂઆ કરી નાખે એવું છે.





**ભારતમાં વરસોથી ૧૦+ ૨એટલે કે ધોરણ ૧થી ધોરણ ૧૦ સુધીનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ અને પછી ધોરણ ૧૧ અને ધોરણ ૧૨નું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણએ ફોર્મેટ પ્રમાણે શિક્ષણ અપાય છે. તેના બદલે નવી શિક્ષણ નીતિમાં શાળાના અભ્યાસક્રમમાં સુધારા સાથે ૫+૩+૩+૪ના નવા ફોર્મેટની ભલામણ કરવામાં આવી છે. મતલબ કે,મોદી સરકાર ૧૦+ ૨ ફોર્મેટને અભરાઈ પર ચડાવી દેશે. તેના બદલે શાળાકીય શિક્ષણ૧૫ વર્ષનું થઈ જશે.અત્યારે બાળકને ૫ વર્ષની વય પછી સ્કૂલમાં મોકલવાનો નિયમ છે તે પણ જતો રહેશે ને તેના બદલે ૩ વર્ષની વયથી બાળકને ભણવા મોકલવાની પદ્ધતિ અમલી બનશે.બાળકો પર નાની વયે શિક્ષણનો બોજ નાંખીને એમનું બાળપણ ના છિનવી લેવું જોઈએ એવી વાતો આપણે સાંભળીએ છીએ. મોદી સરકાર બાળકો પર ત્રણ વર્ષની ઉંમરથી જ શિક્ષણનો બોજ નાખી દેવાની છે. બાળકોને આ ઉંમરથી શિક્ષણ આપવા પાછળનો તર્ક શું છે એ સમજવું અઘરું છે.**

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૦૧ જુલાઈ ૨૦૨૪**

# અસુવિધાનો ટોલ ટેક્સ

એ વાતમાં કોઈ બેમત નહી કે ગુણવત્તાની સેવા આપ્યા વિના કોઈ ટેક્સ વસૂલવો ઉપભોક્તા સાથે અન્યાય છે. આ વાત દરેક સરકારી અને ખાનગી મહેકમ પર લાગુ થાય છે. પરંતુ ખરેખર એવું થતું નથી અને બહેતર સેવા વગર જ ટેક્સ વસૂલવા વિરુદ્ધ લોકો લોક અદાલતોથી માંડીને વિભિન્ન અદાલતોના દ્વાર ખટખટાવતા રહે છે. એ વાત બધા જાણે છે, પરંતુ કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નીતિન ગડકરીના હાલના નિવેદને આ ચર્ચાને વેગવંતી બનાવી છે. પોતાની વાત બેધડક સ્પષ્ટતાથી કહેવા માટે પંકાયેલા નીતિન ગડકરીએ અધિકારીઓને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે જો સડકો સારી હાલતમાં ન હોય અને લોકોને સતત પરેશાનીઓનો સામનો કરવો પડી રહ્યો હોય, તો રાજમાર્ગ પર એજન્સીઓ દ્વારા ટોલ વસૂલવો યોગ્ય નથી. તેમણે કહ્યું કે ટોલ ટેક્સ વસૂલતાં પહેલાં આપણે સારી સેવાઓ આપવી જોઇએ. પરંતુ આપણે આપણા આર્થિક હિતોની રક્ષા માટે ટોલ ટેક્સ વસૂલવાની ઉતાવળમાં રહીએ છીએ. કેન્દ્રીય મંત્રીએ સ્વીકાર્યું કે સડકો સારી નહી હોવાની કેટલીય ફરિયાદો અમને મળે છે. બીજી તરફ સોશ્યલ મીડિયા પર લોકો ગુસ્સો જાહેર કરે છે. ખરા અર્થમાં ગુણવત્તાવાળી સડક આપીએ તો જ આપણને ટોલ વસૂલવાનો અધિકાર મળે છે. દેખીતી વાત છે કે ખાડા અને કીચડવાળી સડકો પર ટેક્સ વસૂલાતાં પબ્લિકની નારાજગી સ્વાભાવિક રૂપે સામે આવશે. નિઃસંદેહ પરિવહન મંત્રીની સ્વીકારોક્તિ એક સારું પગલું છે અને દરેક વિભાગના મંત્રીએ પોતાને આધીન વિભાગોનાં કરતૂતો પર નજર રાખવી જોઇએ. મંત્રીએ વિભાગની ખામીઓ પર પડદો પાડવાને બદલે સેવામાં સુધારની પહેલ કરવી જોઇએ. ચાહે મામલો રાષ્ટ્રીય રાજમાર્ગો પર કાર્યરત એજન્સીઓનો હોય કે પછી વીજળી-પાણી જેવી મૂળભૂત જરૂરિયાતોવાળા વિભાગોનો, અધિકારીઓએ ઉપભોક્તાઓ પ્રત્યે સંવેદનશીલ થવું જોઇએ. સાથે જ જરૂરી છે કે ફરિયાદ નોંધવા અને ફરિયાદોના તરત નિવારણ માટે સ્વતંત્ર તંત્ર પણ વિકસિત કરવું જોઇએ. નિઃસંદેહ એમાં બેમત નહી કે રાષ્ટ્રીય રાજમાર્ગો અને એક્સપ્રેસવે વગેરે બનવાથી યાત્રીઓનું આવાગમન સુવિધાજનક થયું છે. લોકોના સમય અને વાહનોમાં ઇંધણની બચત થઈ છે. પરંતુ કેટલાય સ્થળે સડકોની ગુણવત્તામાં ઘટાડો કે સડકોના નિર્માણમાં ટેકનિકલ ખામીઓ ઉજાગર થવી, ઉપભોક્તાઓને પરેશાન કરે છે. પહેલાં રાષ્ટ્રીય રાજમાર્ગો પર ટોલ ટેક્સ ચૂકવવા માટે કલાકો લાઇનમાં લાગવું પડતું તું. સમયાંતરે ફાસ્ટેગ વ્યવસ્થાથી ટોલ કપાવા લાગ્યો. આજે ૯૮ ટકા વાહનોમાં સ્માર્ટ ટેગ સાથે નિર્બાધ યાત્રા કરાઈ રહી છે. આવનારા કેટલાક વર્ષોમાં રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરિટી જીપીએસ આધારિત ટોલ સંગ્રહ પ્રણાલીને અંજામ આપવાની તૈયારીમાં છે. ત્યારબાદ રાષ્ટ્રીય રાજમાર્ગો પર ટોલ ગેટોની જરૂર નહીં રહે. પછી ટોલ પ્લાઝા પર ગાડી ધીમી કરવા કે રોકવાની પણ જરૂર નહીં રહે. તેને દેશમાં ચરણબદ્ધ રીતે લાગુ કરવામાં આવશે. પહેલાં વ્યાવસાયિક વાહનોથી તેનો પ્રયોગ શરૂ થશે. જેના માટે વાણિજ્યિક વાહનો માટે વાહન ટ્રેક સિસ્ટમ એટલે કે વીટીએસ સ્થાપિત કરવું જરૂરી રહેશે. સમયાંતરે આગામી ચરણમાં ખાનગી વાહન પણ આ ટોલ પ્રણાલીના દાયરામાં લાવવામાં આવશે. સરકારને આશા છે કે આ પ્રણાલીના લાગુ થવાથી ટેક્સ ચોરી અટકશે અદ્ધે જીએનએસએસ આધારિત ટોલ સંગ્રહ પ્રણાલીથી સરકારના ટોલ રાજસ્વમાં દસ હજાર કરોડ રૂપિયાનો વધારો થશે. અસલમાં આ નવી સિસ્ટમ ન માત્ર સાચું ટ્રેકિંગ કરી શકશે બલ્કે તે રાજમાર્ગ પર ઉપયોગ કરવામાં આવેલ અંતરના આધાર પર સચોટ ટોલની ગણના પણ કરશે. બહુ સંભવછે કે આવનાર વર્ષોમાં કાર નિર્માતા કંપનીઓ પોતાના વાહનો પર ટ્રેકિંગ ડિવાઇસ લગાવે. શરૂઆતમાં આ સિસ્ટમને મુખ્ય હાઈવે અને એક્સપ્રેસ-વે પર લાગુ કરવામાં આવશે. જેમાં નક્કી કરવામાં આવેલ અંતરના આધાર પર ઓબીયુ સાથે લિંક કરવામાં આવેલ બેંક ખાતાંથી ટોલ ટેક્સની રકમ આપોઆપ કપાઈ જશે. નિશ્ચિતપણે આ નવી સિસ્ટમથી ભવિષ્યમાં ટોલ પ્લાઝાની જરૂર નહીં રહે, લોકોને સમય પણ બચશે. પરંતુ સરકાર ધ્યાન રાખે કે સડકોની ગુણવત્તા જાળવી રાખવી પહેલી પ્રાથમિકતા બની રહે.

## લોકતંત્રનટ્યૂશનનાં ઇજેક્શન શિક્ષાનો વેપાર, વેપારની શિક્ષાા નવા પ્રહરી

બે ગરીબ, ટ્યૂશન ટીચરો, ટાઇમ-પાસ કરતા હતા ત્યારે એક ટીચરે, બીજાને પૂછ્યું, 'ધારો કે તારી પાસે 'ટાટા-બિરલા' જેટલાં પૈસા આવી જાય તો?'બીજા ટીચરે કહ્યું, 'તો હું તો ટાટા-બિરલા કરતાં વધારે પૈસાવાળો હોઇશ!'પહેલાએ પૂછ્યું, 'અરે, એ કઇ રીતે? તને 'ટાટા-બિરલા' જેટલાં જ પૈસા મળશે ને તારી પાસે ક્યાં કશું છે?''મૂરખ, મારાં ટ્યૂશનો તો ચાલુ જ રહેશેને?' બીજા ટીચરે આંખ મારી!સામે પહેલાએ કહ્યું, 'લે! તો પછી હું તો ટાટા-બિરલા ને તારાથી યે વધારે પૈસાવાળો બનીશ. મારી તો વાઇફ પણ ટ્યૂશન કરાવે છેને?'દેશમાં, સરેરાશ શિક્ષકની આવી જ હાલત છે, ટૂંકા પગારમાં ટ્યૂશન કરવા પડે છે. સ્કૂલોમાં હજી યે ભણતરનું 'અવેલેબલ લેવલ' એવું છે કે 'ટ્યૂશનં શરણં ગચ્છામિ' વિના છૂટકો જ નથી. 'ટ્યૂશન-પુરાણ'ની કાળી ડિબાંગ બાજુ પણ છે. જેમાં ભણતરનો ભયંકર ભોરિંગ, ભરખી જાય છે, માસૂમ વિદ્યાર્થીઓનેપ જે બિચારા નાની આંખે, મોટા સપનાં જુએ છે. જેમનાં મા-બાપો, સંતાનોની સફળ કરીયર બનાવવા, સપનાંઓનું વિષાક્ત વાવેતર બાળકોમાં કર્યે જ રાખે છે. રાજસ્થાનનાં કોટા શહેરમાં એન્જિનિયરિંગ કે મેડિકલ કોલેજમાં 'સ્પર્ધાત્મક પ્રવેશ-પરીક્ષા' કે 'એંટ્રેંસ એક્ઝામ'ની તૈયારી માટે દેશભરથી વર્ષે આશરે ૨.૫ લાખ વિદ્યાર્થીઓ આવે છે, જ્યાં માત્ર ને માત્ર માર્ક્સ મેળવવાની જ સતત-સખત તાલીમ આપવામાં આવે છે. કોટા શહેર, 'કોચિંગ-હબ' કે 'કોટા-ફેક્ટરી' તરીકે જાણીતું છે કારણ કે ત્યાં ગલીગલીએ લાઇનબંધ, કોચિંગવાળાંઓ રીતસર શિક્ષા વેંચે છે. કોટામાં કોચિંગવાળાઓ, આંતરિક પરીક્ષાઓની લગામ મારી મારીને, લક્ષ્ય ભણી વિદ્યાર્થીઓને દોડતા રાખે છે, જે આખરે હાંફીને હારી જાય છે. હમણાં 'નીટ'(દ્વઈઈ)ની પરીક્ષાની તૈયારી કરતો વિદ્યાર્થી, અમનકુમાર સિંહ કોટાથી કંટાળીને ભાગી ગયો ને મા-બાપને ચિઠ્ઠી લખીઃ 'મારું ભણવામાં મન નથી લાગતું માટે ભાગી જઉં છું. દર વર્ષે, ઘરે ૧ વાર ફોન કરીશ, ૫ વરસે ઘરે પાછો આવીશ ને હું કોઈ ખોટું પગલું નહી ભરું!'પોલીસને હજુઅમન, મળ્યો નથી. ગુમનામ સપનાનાં સરનામાં નથી હોતા. ગયા વર્ષે, 'આદર્શ રાજ' નામનાં મેડિકલ એંટ્રેંસ-એક્ઝામની તૈયારી કરતા વિદ્યાર્થીને કોચીંગ ક્લાસની ઇંટરનલ પરીક્ષામાં ઓછા માર્કસ આવ્યા ને એણે આત્મહત્યા કરી. આવા અનેક કરુણ કિસ્સાઓની ભરમાર છે. મહત્ત્વાકાંક્ષી મા-બાપો, બાળકોને કોટાના કોચિંગ ક્લાસની ભઠ્ઠીમાં રીતસર ધકેલે છે, જેથી બાળકો કામિયાબ એન્જિનિયરિંગ, ડૉક્ટર કે સરકારી ઓફિસર બનીને લાખો કમાઇ શકે. એંટ્રેન્સ કે કોમ્પિટેટિવ પરીક્ષાનાં પ્રેશરથી બાળકો હતાશા, આત્મહત્યા કે નશેબાજીમાં નાશ પામવાનાં સેંકડો કિસ્સાઓ બન્યા જ કરે છે. ઇંટરવલઃ પઢોગે લિખોગે, બનોગે નવાબ,જો ખેલોગે, કૂદોગે, હોંગે ખરાબ! (શકીલ બદાયુની)ગયા ડિસેમ્બરમાં, ભારતીય સંસદનાં આંકડાઓ અનુસાર, ૨૦૧૯-૨૧ વચ્ચે દેશમાં ૩૫,૯૫૦ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરેલી. માત્ર કોટામાં જ ૨૦૨૩માં ૨૬થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરેલી ને આ વરસે પણ 'સ્યૂઇસાઇડનો સિલસિલો' ચાલુ જ છે! નોર્મલ કોલેજોનું મુક્ત વાતાવરણ, સ્પોર્ટ્સ કે નાટક-સંગીત-નૃત્ય જેવી ઇતર પ્રવૃત્તિઓ વગેરે વિના સતત માર્ક્સ મેળવવાનાં મહાબોજથી કોચિંગ ફેક્ટરીમાં ૧૭-૧૮ વરસનો વિદ્યાર્થી તન-મનથી ત્રાસી જાય છે. ખરેખર તો આ બધાંનાં મૂળમાં, બોલ-બચન નેતાઓએ બક્ષેલી બેકારી છે અને ચુનાવ-જીવીઓની જુમલાબાજી ચાલે જ રાખે છે.

ચલો, ગમગીન ગાથાઓ છોડો. અગાઉ બોલીવૂડમાં રોશન તનેજા કે આશા ચંદ્રા, જેવા ફ્લોપ કલાકારો એક્ટિંગના કોચિંગ ક્લાસ ચલાવીને, દેશભરથી રાતોરાત 'સ્ટાર' બનવા આવેલા યુવક-યુવતીઓ પાસેથી હજારો રૂ. કમાતા. હવે ચતુર ચરિત્ર-અભિનેતાઓ શહેર શહેર, શાખાઓ ખોલીને, 'એક્ટર-રાઇટર-ડાયરેક્ટર' બનાવવાનાં કોર્સથી લાખો-કરોડો કમાય છે. આજકાલ બોલિવૂડમાં નોર્મલ હિંદી બોલતા શીખવવાનાં ટ્યૂશનો ચાલે છે!

જો કે આપણે ત્યાં 'ટ્યૂશન-ટીચર' શબ્દ ખામખાં બદનામ છે. પણ જેમ મીઠાઇ 'કંદોઇ' બનાવે, ક્રિકેટર નહીં. એ વાત ટ્યૂશન માટે પણ લાગુ પડે છે. રિક્ષાવાળો, શિક્ષા થોડીને આપી શકે?

**ભારતીય ટીમમાં બધાનો યોગદાન મહત્વપૂર્ણ રહ્યો**

# ટીમ ઈન્ડિયા વર્લ્ડ ચેમ્પિયન, ટીમ એફર્ટની જીત

અંતે ભારતીય ક્રિકેટ ટીમે ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ૧૩ વર્ષનો વર્લ્ડ કપ નહીં જીતવાનો દુકાળ પૂરો કરી દીધો. વેસ્ટ ઈન્ડિઝના બાર્બાજોશમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં ભારતે જબરદસ્ત ટીમ સ્પિરિટ બતાવીને ૭ રને જીત મેળવી અને ટી ૨૦ વર્લ્ડ કપમાં બીજી વાર ચેમ્પિયન બન્યું. બહુ લાંબા સમય પછી એવું બન્યું કે, ભારતના દરેક ખેલાડીએ જબરદસ્ત યોગદાન આપ્યું હોય ને આ ટીમ એફર્ટના કારણે જ આપણે ચેમ્પિયન બન્યા. ગુજરાતીઓ માટે ગર્વની વાત એ છે કે, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે આ જીતમાં સૌથી મોટું યોગદાન આપ્યું છે.

રીયલ થ્રીલર જેવી આ મેચમાં વિરાટ કોહલી અને શિવમ દુબે બેટિંગમાં ચાલ્યા તો બૂમરાહ, હાર્દિક પંડ્યા, અર્શદીપસિંહ બોલિંગમાં ચાલ્યા જ્યારે આપણો ગુજરાતી બાપુ , અક્ષર પટેલ બેટિંગ ને બોલિંગ બંનેમાં ચાલી ગયો. સૂર્યકુમાર યાદવ બેટિંગમાં ભલે ના ચાલ્યો પણ ડેવિડ મિલરનો કેચ પકડીને એ નિષ્ફળતા ધોઈ નાંખી કેમ કે મિલરના કેચે જ ભારતને જીતાડ્યું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. બાકી આ મેચ આપણે ગુમાવી જ દીધેલી. પંતે પણ વિકેટકીપર તરીકે બોલરોને કઈ રીતે બોલિંગમાં ચેન્જ કરવા તેની સ્ટ્રેટેજીમાં ભારે મદદ કરી ને રોહિતે કેપ્ટન તરીકે યોગદાન આપ્યું.

ભારત ૨૦૧૧માં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં વર્લ્ડ કપ જીત્યું પછી એક પણ વર્લ્ડ કપ નહોતો જીત્યો. ત્રણવાર ફાઈનલમાં આવીને હારેલું અને દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં પણ પહેલાં ક્લાસેન ને પછી ડેવિડ મિલર જે રીતે રમતા હતા એ જોતાં લાગતું હતું કે, આ ઈતિહાસનું પુનરાવર્તન થશે પણ આપણા ગુજરાતી ભાયડા હાર્દિક પંડ્યાએ આઉટસ્વિંગર બ્યુટીમાં ક્લાસેનને વિકેટ પાછળ ઝીલાવ્યો ને મેચ પલટાઈ ગઈ.

દક્ષિણ આફ્રિકાએ ૧૭૭ રનનો સ્કોર ચેઝ કરતી વખતે એક સમયે ૧૫ ઓવરમાં ૪ વિકેટે ૧૪૭ રન બનાવી લીધા ત્યારે આફ્રિકાની જીત નિશ્ર્ચિત જણાતી હતી. ૧૬ ઓવર પછી આફ્રિકાનો સ્કોર ૪ વિકેટે ૧૫૧ રન હતો ને ૨૪ બોલમાં ૨૬ રન કરવાના હતા તેથી ભારત હારી ગયેલું જ લાગતું હતું. હેનરિક ક્લાસેન જે રીતે બોલને ઉઠાવી

ઉઠાવીને બાઉન્ડ્રી બહાર મોકલતો હતો એ જોતાં ૧૮મી ઓવરમાં તો મેચ પતાવી દેશે એવું લાગતું હતું પણ ૧૭મી ઓવરના પહેલા બોલે હાર્દિકે ક્લાસેનને આઉટ કરીને મોટો ફટકો માર્યો.

જો કે ડેન્જરમેન ડેવિડ મિલર મેદાન પર હતો તેથી બાજી હજુ આફ્રિકાની તરફેણમાં હતી પણ હાર્દિક, બૂમરાહ અને અર્શદીપે એ પછી જે બોલિંગ કરી તેને વખાણવા શબ્દો નથી. હાર્દિકે ૧૭મી ઓવરમાં ૧ વિકેટ લઈને ૪ જ રન આપ્યા, બૂમરાહે ૧૮મી ઓવરમાં માત્ર ૨ રન આપીને જેનસનને આઉટ કર્યો ને સરદારજી અર્શદીપે કેશવ મહારાજ તથા મિલર બંનેને બાંધી રાખીને ૪ જ રન આપ્યા તેમાં આફ્રિકાએ છેલ્લી ઓવરમાં ૧૬ રન કરવાના આવ્યા.

મેચ એ વખતે પણ આફ્રિકાની પકડમાં હતી કેમ કે મિલર સ્ટ્રાઈક પર હતો પણ સૂર્યકુમાર યાદવે મિલરનો અદ્ભુત ને યાદગાર કેચથી પકડીને બાજી પલટી દીધી. ૧૯૮૩ની ફાઈનલમાં કપિલ દેવે વિવિયન રિચાર્ડ્સને આઉટ કરવા ૩૦ મીટર ઉંધા દોડીને પકડેલા કેચની યાદ અપાવે એવો કેચ યાદવે પકડ્યો. કેચ પકડવા માટે દોડતાં દોડતાં બાઉન્ડ્રીની બહાર નિકળી ગયેલા સૂર્યકુમારે બોલ પહેલાં જ છોડી દીધેલો ને પછી કૂદકો મારીને બાઉન્ડ્રીની અંદર આવીને બોલ પાછો પકડીને મિલરને રવાના કર્યો એ કેચે મેચ જીતાડી. કેચીસ વિન્સ મેચીસ એવું કહેવાય છે ને યાદવના કિસ્સામાં આ વાત સાચી પડી. અગેઈન, હાર્દિકે આ છેલ્લી ઓવરમાં માત્ર ૮ રન આપ્યા અને બે વિકેટ લીધી.

ભારતના વિજયમાં વિરાટ કોહલીની બેટિંગનું પણ મોટું યોગદાન છે ને તેની વાત ના કરીએ તો નગુણા કહેવાઈએ. લાંબા સમયથી એવું બનતું કે, વિરાટ કોહલી અને રોહિત શર્મા એ બે ધુરંધરોનું ઘોડું દશેરાના દિવસે જ નહોતું દોડતું. ફાઈનલ સહિતની મોટી મેચોમાં જ એ બંને ધોળકું ધોળીને બેસી જતા. આ વખતે એવું ના થયું. રોહિત શર્માએ સુપર ૮માં ઓસ્ટ્રેલિયા સામે ને સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે જબરદસ્ત બેટિંગ કરેલી પણ વિરાટ ચાલતો જ નહોતો તેથી ગાળો પણ પડતી હતી. વિરાટ આખી ટૂર્નામેન્ટમાં ભલે ના ચાલ્યો પણ ફાઈનલમાં ચાલ્યો ને એવો ચાલ્યો કે, ભારતની લથડી ગયેલી ઈનિંગ્સને સ્થિરતા આપીને સન્માનજનક સ્કોર ઉભો કરી આપ્યો.

ભારતે બાર્બાડોસ સ્ટેડિયમમાં ટોસ જીતીને પહેલી બેટિંગ કરવાનું પસંદ કર્યું પછી રોહિત શર્મા રાબેતા મુજબ બીજી જ ઓવરમાં રવાના થઈ ગયેલો. રોહિત શર્માની પાછળ પાછળ ઋષભ પંત અને સૂર્યકુમારની વિકેટો પણ પાવરપ્લેમાં પડી જતાં ભારત ૨૯ રનમાં ૩ વિકેટો ગુમાવીને ડચકાં ખાતું હતું. એ વખતે કોહલીએ ઈનિંગ્સને સ્થિરતા આપવા માટે ધીમા પડી જવાની વ્યૂહરચના અપનાવી. તેના કારણે રન રેટ ઘટ્યો પણ સામે વિકેટો પડતી પણ બંધ થઈ તેમાં ભારત ટકી ગયું. કોહલી ઊભો ના રહ્યો હોય તો કદાચ તું જા હું આવું થઈ ગયું હોત ને આપણે લબડી ગયા હોત. કોહલીએ ૫૯ બોલ રમીને ૭૨ રન બનાવ્યા એ તેની ક્ષમતા પ્રમાણે ધીમા કહેવાય પણ ભારતને જરૂર હતી એવી બેટિંગ કરી એ બદલ વિરાટને સલામ કરવી જોઈએ. વિરાટે પોતાની છેલ્લી ૨૦ ઈન્ટરનેશનલ મેચને ખરેખર યાદગાર બનાવી દીધી.

કોહલીએ ૭૬ રન શાંતિથી રમીને બનાવી શક્યો તેમાં શિવમ દુબે અને અક્ષર પટેલનું પણ જોરદાર યોગદાન છે. અક્ષર પટેલે ૪૭ રનની ક્લાસિક ઈનિંગ રમી હતી. ૩૪ રનમાં ૩ વિકેટો પડી ગયેલી ત્યારે આવેલા અક્ષર પટેલે ૩૧ બોલમાં ૪ સિક્સર ને ૧ બાઉન્ડ્રી સાથે ૪૭ રન બનાવીને રન રેટ ના ઘટવા દીધો અને કોહલીએ મોટા શોટ્સ મારવાની ફરજ પડે એવું દબાણ ઉભું કર્યું. શિવમ દુબેએ ઝડપી ગતિએ ૧૬ બોલમાં ૨૭ રન બનાવ્યા. કોહલીની અક્ષર અને શિવમ સાથેની ભાગીદારીના કારણે જ સ્કોર ૧૭૬ સુધી પહોંચ્યો હતો એ જોતાં આ અક્ષર અને શિવમનાં ભલે બહુ વખાણ ના થયાં પણ તેમનું યોગદાન જબરદસ્ત છે. હાર્દિકનાં પણ બહુ વખાણ ના થયાં પણ તેણે ૨૦ રનમાં ૩ વિકેટ ઝડપી ને તેમાં બે વિકેટ તો ક્લાસેન અને મિલરની છે કે જે ભારતના હાથમાંથી મેચ આંચકી ગયેલા. હાર્દિક પોતાની બોલિંગથી તેમની પાસેથી મેચ આંચકી લાવ્યો.

વિરાટ કોહલી અને રોહિત શર્મા આ વિજય સાથે ટી ૨૦માંથી વિદાય થયા છે ને આ નિર્ણય બહુ સારો છે. બંનેની બેટિંગમાં પહેલાં જેવો ટચ નથી એ જોતાં બંને માટે વિદાય થવા આનાથી બહેતર સમય જ ના હોય. રાહુલ દ્રવિડને પણ કોચ તરીકે યાદગાર ભેટ સાથે ટીમ ઈન્ડિયાએ વિદાય આપી.

**અક્સાઇ ચિન અને લદ્દાખ ભારતનો અભિન્ન હિસ્સો છે.'**

# ભારતના વધતા વૈશ્વિક કદથી હતાશ ચીન

**અમેરિકા સાથે ટ્રેડ વોરમાં ફસાઈ જવાને કારણે ચીનની નિકાસમાં પરેશાન કરનારો ઘટાડો આવ્યો છે.**

ભારત સરકાર આજકાલ રાજધાની દિલ્હીમાં આ જ મહિને થનારી જી-૨૦ શિખર સંમેલનની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ દરમ્યાન ચીન પોતાના સત્તાવાર નકશામાં આપણા અરુણાચલ પ્રદેશ અને અક્સાઇ ચિનને પોતાના બતાવીને આપણને ઉશ્કેરવા કે ભટકાવવાની નાપાક હરકત કરી રહ્યું છે. પરંતુ ભારત ચીનની આ હરકતોથી હેરાન નથી. ચીન પાછલા કેટલાય વર્ષોથી રહી રહીને એવી હલકી કરતૂતો કરતું જ રહે છે. કદાચ એટલા માટે વિદેશ મંત્રી એસ.જયશંકરે પોતાના એક હાલના ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'આ ચીનની જૂની આદત છે, પહેલાં પણ ચીન ભારતના કેટલાય હિસ્સાને લઈને નકશા કાઢતું રહ્યું છે, પરંતુ આ પ્રકારના દાવાથી કશું નથી થતું. અક્સાઇ ચિન અને લદ્દાખ ભારતનો અભિન્ન હિસ્સો છે.' હાલમાં એક અઠવાડિયા પહેલાં જ ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બ્રિક્સ દેશોની બેઠકમાં મુલાકાત થઈ હતી. સંભવ છે કે જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે પણ જિનપિંગ ભારત આવે. પછી આ દરમ્યાન આ પ્રકારની કૂટનીતિક કડવાશ ઘોળવાનો શો મતલબ છે? વસ્તુતઃ કોરોના મહામારીને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જે અસ્ત-વ્યસ્તતા પેદા થઈ, ત્યારબાદ થયેલ પુનર્ગઠનમાં ચીનની આર્થિક પ્રગતિનો લય જ નહીં, કમર પણ તૂટી ગઈ લાગે છે. તેને એ વાતથી પણ સમજી શકાય છે કે કોરોના બાદ જ્યાં આજે અમેરિકી અર્થવ્યવસ્થાનો વિકાસ દર છ ટકાની આસપાસ રહેવાની આશા છે, ત્યાં જ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક બાદ ચીની અર્થવ્યવસ્થાનો વાર્ષિક વિકાસ દર ૩.૨ ટકાથી નીચે જતો દેખાઈ રહ્યો છે. ચીનથી બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાના બોરિયા-બિસ્તરા સમેટીને અમેરિકા તરફ વળી રહી છે. અમેરિકા સાથે ટ્રેડ વોરમાં ફસાઈ જવાને કારણે ચીનની નિકાસમાં પરેશાન કરનારો ઘટાડો આવ્યો છે. એવું નથી કે ચીની અર્થશાસ્ત્રી કે પોતાના રણનીતિકારો સાથે ખુદ જિનપિંગ આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે હરસંભવ પ્રયાસ નથી કરી રહ્યા, પરંતુ ચીનનું સંકટ બેવડાઈ ગયું છે. એક તરફ દુનિયાના મોટાભાગના દેશો સાથે ચીનના કૂટનીતિ સંબંધો તો બગડી જ રહ્યા છે કે પછી વિશ્વાસહીનતાના દોરમાં જઈ પહોંચ્યા છે. બીજી તરફ આ જ પરિસ્થિતિઓમાં જ્યાં ચીનની અર્થવ્યવસ્થા બેહદ સુસ્ત પડી ચૂકી છે, ત્યાં જ ભારતીય અર્થવ્યવસ્થા ન માત્ર પોતાની સરપટ ચાલથી આગળ વધી રહી છે, બલ્કે આંતરરાષ્ટ્રીય સંબંધોના કૂટનીતિક પરિદશ્યમાં ભારતની હેસિયત નિરંતર વધતી જાય છે. હાલમાં કેટલીય ઘટનાઓએ ભારત અને ચીન વચ્ચે ન માત્ર તુલના પેદા કરી છે, બલ્કે ભારતનું પલ્લુ પણ ભારે કર્યું છે. જોકે ભારતે ભલે વીતેલાં વર્ષો સુધી ચંદ્ર સુધી સીમિત ઉડાનભરી હોય, પરંતુ હવે તે વીતેલા દિવસોની વાત થઈ ગઈ છે. આપણી હાલની સફળતાઓ ચીનને હતાશ કરવા માટે પૂરતી છે. જ્યાં ભારતના પહેલા ચંદ્રયાને ચંદ્રની ધરતીમાં પાણીની શોધ કરી હતી, ત્યાં જ હાલમાં સોફ્ટ લેન્ડિંગ કરનારા ચંદ્રયાન-૩એ હવે ચંદ્ર પર ઓક્સિજનની શોધ કરી લીધી છે. જ્યારે ચીન ભલે આપણાથી પહેલાં પોતના મૂનમિશનને સોફ્ટ લેન્ડિંગ કરાવી ચૂક્યું હોય કે અંતરિક્ષમાં પોતાનું ખાનગી સ્પેસ સ્ટેશન બનાવવા વિશે વિચારી રહ્યું હોય, પરંતુ ચીનના મૂન મિશનમાં એવી કોઈ સફળતા હાંસલ નથી થઈ જે ધરતીવાસીઓના મૂન મિશનને મહત્ત્વાકાંક્ષાઓ સાથે આગળ વધારે. તેથી એ માનવામાં આવે છે કે ચીન વાસ્તવમાં ભારતની આ સફળતાને પચાવી નથી શકતું. સાથે જ ભારતની અર્થવ્યવસ્થાએ ચીનના દાઝ્યા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. જ્યાં કોરોના બાદ ચીની અર્થવ્યવસ્થા ભરપૂર કોશિશ કર્યા બાદ પણ ૩.૫ ટકાના વિકાસ દર સુધી પહોંચી નથી શકતી, ત્યાં જ ભારતનો વિકાસ દર છ ટકાથી ઉપર છે. તેનાથી પણ ચીન વધુ હતાશ છે. ભારતની સાથે આ ક્ષેત્રોમાં પાછળ પડી ગયેલા ચીને પોતાની એ જ હરકતોને ફરીથી વેગવાન બનાવી છે, જેને કારણે તે પોતાની જનતા સુદ્ધાં અને દુનિયામાં એ ભ્રમ ફેલાવવામાં અમુક હદે સફળ રહ્યું છે કે ભારત તેનાથી ડરે છે. જ્યારે હકીકત એ નથી અને એ વાત બીજાઓ કરતાં ખુદ ચીન જાણે છે. વસ્તુતઃ ચીન દેવાંની પોતાની સામ્રાજ્યવાદી નીતિમાં ખરાબ રીતે ફસાઈ ગયું છે. ચીને આખી દુનિયાના લગભગ ૧૫૦ દેશોને દોઢ લાખ કરોડ ડોલરનું ઋણ આપેલું છે. પરંતુ તે પોતાની આ ઋણનીતિમાં કંઈ હાંસલ કરવાને બદલે ઉપરથી ફસાઈ રહ્યું છે. ચીનને લાગતું નથી કે તે આસાનીથી પોતાનું ઋણ પાછું મેળવી શકશે. સૌથી મોટી વાત કે દુનિયાના ૧૩ મુસ્લિમ દેશ, જેમને ચીને સૌથી વધુ લોન આપી છે, તેમની અર્થવ્યવસ્થા ખરાબ રીતે તૂટી ગઈ છે અને તેઓ ચીને આપેલી લોનને ઇચ્છવા છતાં પણ સમય પર પાછી નહીં ચૂકવી શકે. તેમાં પાકિસ્તાન, બહરીન, સુડાન, સોમાલિયા, સીરિયા, કતર, ઓમાન, તુર્કમેનિસ્તાન, અલ્જીરિયા, મલેશિયા અને ઈન્ડોનેશિયા પણ છે. ચીનને મુસ્લિમ દેશોને લોનની જાળમાં ફસાવવાનો એક ફાયદો પણ થયો છે કે તે પોતાને ત્યાંના ઉઇગર મુસલમાનો પર બેરહેમીથી દમન કરે છે અને કોઈપણ મુસ્લિમ દેશ એક શબ્દ બોલવા તૈયાર નથી થતો. પરંતુ આ ફાયદાની અવેજીમાં ચીન આટલી મોટી લોનની રકમ ડૂબી જવાનું સ્વીકાર નહીં કરી શકે. પરંતુ હવે ના તો તેની અર્થવ્યવસ્થા, તેનાં સપનાંને આગળ વધારી રહી છે અને ના તેમના કરજમાં દબાયેલા દેશોમાં તેનો રોબ ચાલી રહ્યો છે. તે ભારત તરફથી પણ દુવિધાની દશામાં રહે છે. તેથી હતાશ થઈને તેઓ પોતાના ચિર-પરિચિત નક્શા પ્રોપેગેંડા પર ઉતરી આવ્યું છે, પરંતુ ભારત હવે પહેલાં જેવું ભારત નથી રહ્યું જે તેને કોઠું આપે.

**આ પરીક્ષાપદ્ધતિમાં અત્યાર સુધી ગેરરીતિના આક્ષેપો થતા હતા.**

# નીટ મામલે બોધપાઠરૂપી સજા સાથે નકકર નિર્ણય થવો જરુરી

**કમનસીબે દેશના યુવાધનની કારકિર્દી સાથે ચેડાં કરનારા કૌભાંડીઓને કોઇ નીતિ-નિયમો કે નૈતિકતા નડતી નથી. એ પ્રક્રિયામાં લાખ્ખો વિદ્યાર્થીઓને અન્યાય કરી નાખે છે.**

ભારત દેશના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપીને નોકરી મેળવવા માટે વર્ષો સુધી તપશ્ચર્યા કરતા હોય છે અને છેલ્લી ઘડીએ પરીક્ષાખંડમાં જાય ત્યારે ખબર પડે કે પેપર લીક થઈ ગયું છે અને કાં તો પરીક્ષા મોકૂફ થાય છે અથવા તો રદ થાય છે. અને ત્યારબાદ તારીખ પર તારીખનો સિલસિલો ચાલતો રહે છે. ક્યારેક પરીક્ષા લેવાઈ ગયા બાદ રદ થઈ જાય છે, તો ક્યારેક પરિણામ આવી ગયા બાદ સમગ્ર ભરતી-પ્રક્રિયા રદ થઈ જાય છે. એનું કારણ એ છે કે કેટલાંક મુઠ્ઠીભર કૌભાંડીઓ ષડયંત્ર રચે છે. કરોડો રૃપિયાની કમાણી કરવાની લ્હાયમાં તેઓ નિર્દોષ યુવાનોની કારકિર્દીને હોડમાં મૂકીને કેટલાક ગરજવાન નોકરીવાંચ્છુઓને પોતાની માયાજાળમાં ફસાવીને રોકડી કરી નાખે છે.

ત્યારે હકીકત એ છે કે કમ સે કમ ૧૪૦ કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ માટે કુલ સવા લાખ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જે પૈકી ૫૫ હજાર બેઠકો સરકારી કૉલેજોની છે. જ્યારે બાકીની ૭૦ હજાર બેઠકો ખાનગી સંસ્થાઓની છે કે જ્યાં નફાખોરી ચાલતી હોય છે. દા.ત. સરકારી કૉલેજોમાં પ્રવેશ મળે તો વિદ્યાર્થીને દર વર્ષે ૫૦ હજારથી લાખ રૃપિયા એટલે કે પાંચ વર્ષમાં પાંચથી સાત લાખ રૃપિયામાં શિક્ષણની ફી ભરીને એક આશાસ્પદ યુવાન ડૉક્ટર બની શકે છે. હોસ્ટેલ અને અન્ય ખર્ચા અલગ થતા આ ખર્ચ સામાન્ય પરિવારને પોસાય તેમ છે. જ્યારે ખાનગી મેડિકલ કૉલેજોમાં ફીનું પ્રમાણ ૩૦ લાખથી ૩ કરોડ સુધી પહોંચી જાય છે. અલબત્ત, માલેતુજાર વર્ગ ફી ઉપરાંત એક કે બે નંબરમાં ડોનેશન કે એનઆરઆઈ કે મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવી શકે છે. અલબત્ત, આ તમામ પ્રક્રિયા એક સિસ્ટમ આધારિત છે. અને મોટેભાગના પ્રવેશ નીટમાં મેળવેલા સ્કોર આધારિત હોય છે. ૨૦૧૬થી સમગ્ર દેશમાં નીટ આધારિત મેડિકલ કૉલેજોમાં પ્રવેશ પ્રક્રિયાની પદ્ધતિ શરૃ થઈ છે.

આ પરીક્ષાપદ્ધતિમાં અત્યાર સુધી ગેરરીતિના આક્ષેપો થતા હતા. પરંતુ આ વખતે પાક્કા પાયે ગેરરીતિઓ પકડાઈ રહી છે અને હવે શંકા એવી જાય છે કે ટોપ ટુ બોટમ સુધી સંડોવણી ન હોય તો આ પ્રકારનાં કૌભાંડ શક્ય જ નથી. ઉદાહરણ તરીકે નીટની પરીક્ષાની જાહેરાત ૯ ફેબ્રુઆરીએ થઈ અને ૯મી માર્ચ સુધીમાં ફોર્મ ભરવાની આખર તારીખ હતી, છતાં પણ આ તારીખ ચાર વખત લંબાવવામાં આવી. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને કેન્દ્ર બદલવાની પણ છૂટ મળી ગઈ. દા.ત. ગુજરાતના ગોધરા ખાતે ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, બિહારના યુવાનો પરીક્ષા આપવા આવી પહોંચ્યા, કારણ કે તેઓને વડોદરા ખાતેની એક એજન્સીએ લાખો રૃપિયા લઈને નીટમાં પાસ કરાવવાની ગેરન્ટી આપી હતી? તપાસમાં અત્યારે જે માહિતી મળી રહી છે એ અનુસાર વડોદરાની એક કન્સલ્ટન્સી કંપનીએ નીટમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓને એડવાન્સમાં રૃપિયા લઈને લલચાવ્યા હતા અને તેઓની મોડસ ઓપરેન્ડી એ હતી કે વાલીઓ પાસેથી રૃપિયા લઈને પરીક્ષા કેન્દ્રો પર સુપરવાઇઝર અને ડેપ્યુટીને ફોડી નાખી પરીક્ષા પૂરી થાય ત્યારબાદ વિદ્યાર્થીઓ જતા રહે ત્યારે જે વિદ્યાર્થીઓ પાસેથી રૃપિયા લીધા હોય તેઓના પેપરમાં '.સ્.ઇ. જીરીં' માં પોતાની જાતે સાચા ઉત્તરો લખી દેવાતા હતા?

દેશભરમાં આ પ્રકારનાં કૌભાંડો આચરવામાં આવ્યાં હોય તો નવાઈ પામવા જેવું નથી, કારણ કે આ વખતે આ પરીક્ષામાં પહેલી વખત ૭૨૦માંથી ૭૨૦ એટલે કે ૧૦૦ ટકા માર્ક્સ લાવનારા ટોપર્સની સંખ્યા ૬૭ જેટલી છે. હકીકત એ છે કે ૨૦૨૦ની સાલમાં માત્ર બે વિદ્યાર્થીઓ, ૨૦૨૧માં ત્રણ, ૨૦૨૨માં શૂન્ય, ૨૦૨૩માં માત્ર બે, અને ૨૦૨૪માં એક સાથે ૬૭ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા માર્ક્સ શી રીતે લાવી શકે? બીજી બાબત એ પણ છે કે હરિયાણાના એક કેન્દ્રમાં છ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા માર્ક્સ લઈ આવ્યા, તો બિહારમાં પરીક્ષાની આગલી રાતે પેપર ફૂટ્યું હોવાના પુરાવા મળ્યા છે. એટલું જ નહીં, બિહારની પોલીસે ૧૩ જેટલા કૌભાંડીઓની ધરપકડ કરી છે અને તેમણે પેપરલીક થયાનું સ્વીકાર્યું પણ છે. સાથોસાથ આ કૌભાંડમાં અગાઉ કદી ન જોવા મળી હોય તેવી ગ્રેસ માર્ક્સની લ્હાણી પણ થઈ હતી, જે પાછળથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વખતે રદ કરાઈ હતી. તબીબી ક્ષેત્રની આ સૌથી મહત્વની પ્રવેશ પરીક્ષાની પવિત્રતા અને વિશ્વનીયતાને આ કૌભાંડીઓએ અભડાવી દીધી છે. જે યુવાનો ના-લાયક હોવા છતાં રૃપિયાના જોરે મેડિકલ જેવા પવિત્ર ક્ષેત્રમાં પ્રવેશ લેશે, તો આ ક્ષેત્રને પવિત્ર વ્યવસાય બનાવવાને બદલે ધંધો શરૃ કરશે, જે જોખમી અને ભયાનક બની શકે છે.

કમનસીબે દેશના યુવાધનની કારકિર્દી સાથે ચેડાં કરનારા કૌભાંડીઓને કોઈ નીતિ-નિયમો કે નૈતિકતા નડતી નથી. એ પ્રક્રિયામાં લાખ્ખો વિદ્યાર્થીઓને અન્યાય કરી નાખે છે. પરંતુ આ વર્ષે તેમનું પાપ છાપરે ચડીને પોકારી રહ્યું છે ત્યારે હવે સમયનો તકાદો છે કે લાખ્ખો વિદ્યાર્થીઓને અન્યાય ન થાય એ હેતુથી દાખલો બેસે એવી સજા સાથે નીટ મામલે નવો નિર્ણય થવો જોઈએ.

# ભૂખ-થાકથી પરેશાન અદિતિ રાવ એરપોર્ટ પર ફસાઈ


## ‘હીરામંડીઃ ધ ડાયમંડ બજાર’ ફેમ અદિતિ રાવ હૈદરીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે



હીરામંડીઃ ધ ડાયમંડ બજાર’ ફેમ અદિતિ રાવ હૈદરીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે અને હીથ્રો એરપોર્ટ પર બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી છે. એક્ટ્રેસે કહ્યું કે, તેણે પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. જેને લઈને તેની અને તેના સહ-યાત્રીઓની ભૂખ-તરસથી હાલત ખરાબ થઈ ગઈ હતી.છેલ્લા કેટલાક દિવસોથી સંજય લીલા ભણશાળીની ‘હીરામંડીઃ ધ ડાયમંડ બજાર’માં પોતાની ગજગામિની વૉકથી લાઈમલાઈટમાં છવાયેલી એક્ટ્રેસ અદિતિ રાવ હૈદરી ફરી ચર્ચામાં છે. એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરી છે, જેમાં તે એક બ્રિટિશ એરવેઝ પર ભડકી હતી. એક્ટ્રેસની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેને લઈને એક્ટ્રેસના ફેન્સ તેને સપોર્ટ કરી રહ્યા છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે એરપોર્ટ પર પોતાના સામાનની રાહમાં ને રાહમાં ભૂખી-તરસી બેઠી છે. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં લખ્યું કે, તેણે પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી, તે પણ કોઈ મદદ વિના. અદિતિ રાવ હૈદરીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા, જેમાં તેણે હીથ્રો એરપોર્ટ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે, તેણે એરપોર્ટ પર પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. એટલું જ નહીં, તેની સાથેના લોકોને પણ એરપોર્ટ ઑથોરિટી તરફથી કોઈ સુવિધા મળી ન હતી. એક્ટ્રેસે આ અંગે બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી અને ખરીખોટી સંભળાવી હતી.અદિતિ રાવ હૈદરીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા, જેમાં તેણે હીથ્રો એરપોર્ટ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે, તેણે એરપોર્ટ પર પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. એટલું જ નહીં, તેની સાથેના લોકોને પણ એરપોર્ટ ઑથોરિટી તરફથી કોઈ સુવિધા મળી ન હતી. એક્ટ્રેસે આ અંગે બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી અને ખરીખોટી સંભળાવી હતી એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં લખ્યું કે, ૧૯ કલાક થઈ ગયા અને હું અત્યારે પણ રાહ જોઈ રહી છુંપ બ્રિટિશ એરવેઝ તમને જણાવી દઉં કે, આ બ્રિટ્સની સાથે આ મારો કોઈ પહેલો અનુભવ નથી. જો તમે નેટફ્લિક્સ પર હીરામંડી જોશો તો ખબર પડી જશે કે, હું ન્યાય માટે લડ્યા વિના હાર માનીશ નહીં! તો શું તમે અમારી બેગ મોકલી શકો છો! બને એટલું જલ્દી! મારી કોન્ફરન્સ છે અને જે વસ્તુઓની મને જરૂર છે તે તમારા માપદંડોને પૂર્ણ કરશે નહીં. આ સાથે એક્ટ્રેસે એક ઈમોજી પણ શેર કરી હતી.

**એક્ટ્રેસે પોતાના ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરી છે, જેમાં તે એક બ્રિટિશ એરવેઝ પર ભડકી હતી. એક્ટ્રેસની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેને લઈને એક્ટ્રેસના ફેન્સ તેને સપોર્ટ કરી રહ્યા છે. એક્ટ્રેસે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે,**

# અમિતાભ બચ્ચન પોતાના ફેન્સ સાથે નવા મોબાઈલ પ્લેટફર્મથી જોડાવા તૈયાર



અમિતાભ બચ્ચન પોતાના ફેન્સ સાથે સતત જોડાઈ રહેવા માટે એક નવું મોબાઈલ પ્લેટફર્મ તૈયાર કરાવી રહ્યા છે, જેના પર દેશ અને દુનિયાના લોકો કોઈ પણ સ્થળેથી તેમની સાથે જોડાઈ શકે. આ અંગે અમિતાભે પોતાના ડેઈલી બ્લોગમાં વાત કરી હતી અને આ અંગે માહિતી આપી હતી. તેમણે તેમના બ્લોગમાં લખ્યું હતું, “સન્ડે સ્પેશિયલ ચાલતા હતા અને હું સતત વ્યસ્ત રહેવાથી થાકી ગયો છું...એક પ્લેટફર્મ તૈયાર કરવાના પ્રયત્ન થઈ રહ્યા છે, એક મોબાઈલ પ્લેટફર્મ, તેથી દેશ અને દુનિયાના શુભેચ્છકો એ જોવાની એક તક મેળવી શકે...જેથી તેઓ વધુ નજીક આવી શકે અને શુભેચ્છકોની આસપાસ ફરી શકે.” અમિતાભ બચ્ચન મુંબઈના તેમના બંગલે દર રવિવારે પોતાના ફેન્સને મળે છે. તેમણે કહ્યું કે, “પ્રયત્ન કર્યો, પણ કામ ન થયું...ઉત્પાદન વિભાગે વધુ પ્રયત્ન કરવા પડશે..” તેનો એવો અર્થ થઈ રહ્યો છે કે અમિતાભ બચ્ચન કોઈ એવી ટેક્નોલોજી પર કામ કરી રહ્યા છે, જેમાં દર રવિવારે જલસા પર સન્ડે સ્પેશિયલની મજા તેમના ફેન્સ વર્ચ્યુઅલી ઘેર બેઠાં પણ લઈ શકે. આ માટેના પ્રયત્નો હાલ ચાલે છે. બીગબી સોશિયલ મીડિયા પર પોતાન ફેન્સ સાથે નિયમિત સંપર્કમાં રહે છે, તેઓ અંગત જીવનની અને કામની અપડેટ્સ આપ્યા કરે છે. તેમણે અગાઉ પોતાના બ્લોગમાં શેર કરેલું કે તેમને પ્રમોશનલ કામ કરવામાં શરમ આવે છે. “પ્રમોશનલકામ એવું છે, જેનાથી મને શરમ અનુભવાય છે, પરંતુ સૌથી વિનમ્ર પ્રોડક્શન ટીમ... અને ખાસ કરીને ટીમ જે દિકરીઓ દ્વારા ચલાવાય છે...તેમાં અંગત પસંદ નાપસંદની દલીલથી પર છે..અને...” દર્શકો હવે અમિતાભ બચ્ચનની કલકીની રાહમાં છે.

**બીગબી સોશિયલ મીડિયા પર પોતાન ફેન્સ સાથે નિયમિત સંપર્કમાં રહે છે, તેઓ અંગત જીવનની અને કામની અપડેટ્સ આપ્યા કરે છે. તેમણે અગાઉ પોતાના બ્લોગમાં શેર કરેલું કે તેમને પ્રમોશનલ કામ કરવામાં શરમ આવે છે.**



# જયદીપ આહલાવતે ‘મહારાજ’ માટે ૫ મહિનામાં ૨૬ કિલો વજન ઘટાડ્યું

એક્ટર જયદીપ આહીવતે ‘મહારાજ’ ફિલ્મ માટે કરેલું બૉડી ટ્રાન્સફોર્મેશન બે દિવસથી ચર્ચામાં છે. જયદીપે આ ટ્રાન્સફોર્મેશન પહેલાં અને પછીની તસવીરો પોતાના સોશિયલ મીડિયામાં શેર કરી હતી, જેના પરથી તેની સખત મહેનતની એક ઝલક મળી શકે છે. આ ઉપરાંત તેણે પોતાની ટ્રેઈનિંગ વખતના વીડિયો પણ શેર કર્યા હતા. જયદીપે ‘મહારાજ’ ફિલ્મ માટે ૫ મહિનામાં ૨૬ કિલો વજન ઘટાડ્યું છે. તેણે ૧૦૯.૭ કિલો વજનથી ૮૩ કિલો વજન કર્યું છે. તેણે પોતાની આ સફર દર્શાવતી તસવીરો અને વીડિયો શેર કર્યા હતા. જયદીપે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પહેલાં અને પછીની તસવીરો શેર કરતાં લખ્યું, “૫ મહિનામાં ૧૦૯.૭ કિલોથી ૮૩ કિલો. આ ‘મહારાજ’ ફિલ્મના રોલ માટેનું ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન છે. મારામાં વિશ્વાસ મુકવા માટે પ્રજ્વલ સરનો આભાર.” જયદીપના આ ટ્રાન્સ્ફર્મેશનથી પ્રભાવિત થઈને તેની ફિલ્મના ડિરેક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેની પોસ્ટ પર કમેન્ટ કરી હતી. તેણે લખ્યું, “ભાઈ, તે આ પાત્ર માટે કરેલું સમર્પણ અને તારો પૂજ્યભાવ શબ્દોમાં મુકવો અશક્ય છે. હું હંમેશા તારો આભારી રહીશ.” જયદીપની આ પોસ્ટ પર તેના અનેક ફેન્સની ઘણી કમેન્ટ્સ આવી હતી, જેમાં લોકોએ તેની મહેનત અને ડેડિકેશનના ઘણા વખાણ કર્યા હતા અને તેને પ્રેરણારૂપ ગણાવ્યો હતો.સિદ્ધાર્થ મલ્હોત્રા દ્વારા ડિરેક્ટ થયેલી ‘મહારાજ’ ફિલ્મમાં આમિર ખાનનો દિકરો જૂનૈદ ખાન પણ છે. આ ફિલ્મની વાર્તા આઝાદી પહેલાના ભારતમાં ૧૮૬૨ના મહારાજ લાએબલ કેસ પર આધારીત છે. આ ફિલ્મ યશરાજ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. ગયા મહિને નેટફ્લિક્સ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન મુજબ ‘મહારાજ’ સમાજ સુધારક અને પત્રકાર કરસનદાસ મુળજીના જીવન પર આધારીત છે, તેમણે મહિલાઓના હકો અને સમાજ સુધારાનું કામ કર્યુ હતું.


# ઇન્ડિયન ૨ - ૧૦૬ વર્ષના સેનાપથિ કઈ રીતે સ્ટંટ કરી શકે?

કમલ હસન અને શંકરની ફિલ્મ ‘ઈન્ડિયન ૨’નું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યું છે. જેમાં ૧૦૬ વર્ષના સેનાપથિની ભૂમિકામાં કમલ હસન એક્શન સિક્વન્સ કરતા દેખાય છે. આ મુદ્દે ઓડિયન્સે ફિલ્મને નકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. ઘણા લોકો માને છે કે આ ફિલ્મ થોડી ઓલ્ડ ફેશન છે. જોકે દર્શકોને સૌથી વધુ ફરિયાદ કમલ હસનના પાત્ર અને મેક અપ અંગે છે. ફિલ્મના પહેલા ભાગ મુજબ, સેનાપથિનો જન્મ ૧૯૧૮માં થયો છે, હવે બીજા ભાગમાં ફિલ્મમાં ૧૦૬ વર્ષના સેનાપથિ સ્ટંટ કરતા અને ગુંડાઓને મારતા દેખાય છે. તો કેટલાંક નેટિઝન્સે એવા પણ સવાલ ઊઠાવ્યા છે કે, ૧૦૬ વર્ષનો માણસ આવા જોખમી સ્ટંટ કઈ રીતે કરી શકે છે. મુંબઈમાં આ ફિલ્મના ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં પત્રકારોએ શંકર અને કમલ હસનને આ અંગે પ્રશ્નો પૂછ્યા હતા. કમલ હસને આ પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, “ઉંમર ડિરેક્ટર દ્વારા નક્કી થવી જોઈએ. હું ૧૨૦ વર્ષે પણ એક્ટિંગ કરવાનું પસંદ કરીશ.” શંકરે જણાવ્યું, “ચાઈનામાં એક માર્શલ આર્ટના ગુરુ છે. તેમનું નામ લૂ ઝિજાન છે. તેઓ ૧૨૦ વર્ષની ઉંમરે માર્શલ આર્ટ કરે છે, તેઓ ઊડે છે, કિક મારે છે, બધું જ કરે છે.” શંકરે વધુમાં કહ્યું, “સેનાપથિનું પાત્ર પણ એક માસ્ટર છે. એ પણ પૌરાણિક માર્શલ આર્ટ વાર્મા કલાઈનો માસ્ટર છે. સેનાપથિ તેનાં ભોજન અંગે પણ અતિશય શિસ્તનું પાલન કરે છે. તે યોગ કરે છે, પ્રાણાયામ કરે છે અને દિવસમાં એક જ વખત જમે છે. જો તમે તમારી કલામાં નિપુણ છો, શિસ્ત પાલન કરો છો, તો ઉંમરનો કોઈ બાધ રહેતો નથી. તમે કોઈ પણ પ્રકારના સ્ટંટ કરી શકો છો.” શંકરની આ સમજ ઘણી તાર્કિક લાગે છે, પરંતુ હવે એ જોવાનું છે કે દર્શકોને સેનાપથિનો તર્ક કેટલો ગળે ઉતરે છે. તમિલ ઈન્ડસ્ટ્રી માટે આ ફિલ્મની સફળતા ઘણી મહત્વની છે, કારણ કે આ વર્ષ તમિલ ઈન્ડસ્ટ્રી માટે સારું રહ્યું નથી. ઈન્ડિયન ૨ ૧૨ જુલાઈએ રિલીઝ થશે.



# ઓસ્કાર એકેડમીના નવા મેમ્બર્સમાં રાજામૌલિ દંપતિ, શબાનાનો સમાવેશ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત મનાતા ઓસ્કાર એવોર્ડ્સનું આયોજન એકેડમની ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા કરવામાં આવે છે. જેને ટૂંકમાં એકેડમી તરીકે ઓળખવામાં આવે છે. એકેડમી દ્વારા ૨૦૨૪ના વર્ષ માટે નવા ૪૮૭ મેમ્બર્સનો સમાવેશ કરાયો છે. આ મેમ્બર્સમાં ભારતીયોને મહત્ત્વ અપાયું છે, જેના કારણે નવા મેમ્બર્સમાં રાજામૌલિ દંપતિ, શબાના આઝમી સહિત ટેલેન્ટેડ ભારતીયોનો સમાવેશ થાય છે. એકેડમીએ શેર કરલા સ્ટેટમેન્ટ મુજબ, થીયેટ્રિકલ મોશન પિક્ચર્સ ક્ષેત્રમાં આગવી ઓળખ ઊભી કરનારા આર્ટિસ્ટ અને એક્ઝિક્યુટિવ્સનો મેમ્બર્સ તરીકે સમાવેશ કરાયો છે. પ્રોફેશનલ ક્વોલિફિકેશન અને વર્તમાન કામગીરી અને યોગદન સહિતના પાસાઓને ધ્યાને રખાયા છે. લોસ એન્જેલસ સ્થિત એકેડમીએ ભારતીય અને આંતરરાષ્ટ્રીય સિનેમાનાં દિગ્ગજ એક્ટ્રેસ શબાના આઝમીને એક્ટર્સ બ્રાન્ચમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. શબાનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ પૂરાં કર્યા છે, તેમાં શ્યામ બેનેગલની ફિલ્મ અંકુરથી ૧૯૭૪માં કરિયર શરૂ કરી હતી. ગોડમધર, અર્થર, ઈન કસ્ટડી સહિત અનેક યાદગાર ફિલ્મોમાં તેમણે કામ કર્યુ છે. શબાનાએ ૧૪૦ હિન્દી ફિલ્મ અને ૧૨ ઈન્ટરનેશનલ પ્રોડક્શનમાં રોલ કર્યા છે. ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ અને ‘કેસરી’ના ડાયરેક્ટર શીતલ શર્મા અને ‘ટુ કિલ અ ટાઈગર’ના ડાયરેક્ટર નિશા પાહુજાને રાજામૌલિના સેક્શનમાં આમંત્રિત કરાયાં છે. ડોક્યુમેન્ટ્રી ફિલ્મ મેકર હેમલ ત્રિવેદીને પણ મેમ્બર તરીકે સ્થાન મળ્યું છે. એકેડમી મેમ્બર્સમાં ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક જાણીતાં નામોનો સમાવેશ થયેલો છે. જેમાં એ.આર. રહેમાન, અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, કાજોલ, સુરિયા, વિદ્યા બાલન, આમિર ખાન, સલમાન ખાન, અલી ફઝલ, આદિત્ય ચોપરા, ગુનીત મોંગા, રીમા કાગતી, એક્તા કપૂર અને શોભા કપૂર પહેલાથી એકેડમીના મેમ્બર્સ છે.



**બંને ફિલ્મો ક્રિસ્મસના દિવસે રિલીઝ થશે**

# વરુણ ધવનની ‘બેબી જોહ્ન’ અને આમિરની ‘સિતારે ઝમીં પર’ વચ્ચે ટક્કર

૨૦૨૪નું ક્રિસમસ ફિલ્મ લવર્સ માટે મજાનું રહેવાનું છે, કારણ કે આ ક્રિસમસના વીકેન્ડમાં તેમને બે ફિલ્મો જોવાની મજા પડશે. વરુણ ધવનના ફેન્સ ખુબ ઉત્સુકતાપૂર્વક એક્શન ફિલ્મ ‘બેબી જોહ્ન’ની રાહ જોઈ રહ્યા છે. પરંતુ તમને હવે થોડી વધુ રાહ જોવી પડશે કારણ કે આ ફિલ્મની રિલીઝ હવે ૨૫ ડિસેમ્બર, ક્રિસમસ સુધી પોસ્ટપોન થઈ છે. આ ફિલ્મમાં વરુણ સાથે વામિકા ગબ્બી અને કીર્થિ સુરેશ પણ જોવા મળશે. વરુણની આ ફિલ્મ જોરદાર વીએફએક્સ અને એક્શન સિકવન્સથી ભરપુર છે, તેના કારણે જ રિલીઝ પોસ્ટપોન થઈ છે. આ ફિલ્મમાં જેકી શ્રોફ અને રાજપાલ યાદવ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ નવી તારીખથી હવે આમિર ખાનની ‘સિતારે ઝમીં પર’ અને ‘બેબી જોહ્ન’વચ્ચે ક્લેશ થશે. કારણ કે ‘સિતારે ઝમીં પર’ પણ આ જ દિવસે રિલીઝ થઈ રહી છે. આમિરે આ ફિલ્મના શૂટ માટે ૭૦થી ૮૦ દિવસોનું શિડ્યુલ રાખ્યું હતું, કારણ કે તેણે પ્રી પ્રોડક્શનમાં ખુબ મહેનત કરેલી. તેથી આ ફિલ્મનું શૂટિંગ ઝડપથી પૂરું થઈ ગયું. આ ફિલ્મમાં આમિર સાથે જેનિલીયા દેશમુખ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આમિર ને જેનિલિયા પહેલી વખત સાથે કામ કરી રહ્યા છે. ૨૦૨૨માં ‘લાલસિંઘ ચઢ્ઢા’ની નિષ્ફળતા પછી આમિરે આ ફિલ્મ અંગે જાહેરાત કરવા માટે લગભગ એક વર્ષ જેટલો લાંબો એક બ્રેક લીધો હતો. બંને ફિલ્મો મનોરંજનથી ભરપુર હશે અને બંને ફિલ્મો માટે દર્શકો આતુર છે, વરુણના ફેન્સ તેને નવા અવતારમાં જોવા ઉત્સુક છે, તો આમિરના ફેન્સ લાંબા બ્રેક પછી તેને મોટા પડદે જોવા આતુર છે.



# ડુમસ બીચ પર સફાઈ ઝુંબેશમાં સહભાગી થતા ગૃહ રાજ્યમંત્રી સંઘવી

**સ્વચ્છતા સુરતીઓની આદત બની રહી છે : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી**

સુરત, તા.૧

It's time to Cleanup Dumas Beach ના ધ્યેય સાથે સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપવા પ્રોજેક્ટ સુરત ગ્રુપ અને શહેરની વિવિધ એનજીઓ દ્વારા સુરતના ડુમસ બીચ ખાતે આયોજિત સ્વચ્છતા ડ્રાઈવમાં ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને મેયર દક્ષેશભાઈ માવાણી સહભાગી બન્યા હતા. જેમાં સુરતીઓએ બીચ પર રહેલા પ્લાસ્ટિક, બેગ, થેલીઓ, ચંપલ, ગ્લાસ, કાચ, ચમચીઓ, ડીશ, દોરીઓ, પૂજાપા સહિતની વસ્તુઓને એકઠી કરી નિકાલ કર્યો હતો. સૌએ સ્વચ્છ અને સુઘડ સુરતને જાળવી રાખવા અને બીચ ને પ્લાસ્ટિકમુક્ત રાખવાનો સંકલ્પ લીધો હતો.

સ્વચ્છતા સુરતીઓની આદત બની રહી છે એમ જણાવતા ગૃહરાજ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દેશના જાગૃત્ત નાગરિકોના સહયોગ સાથે મળીને સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી. પ્રોજેક્ટ સુરત ગ્રુપ તેમજ વિવિધ એનજીઓ અને મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાય વર્ષથી દર રવિવારે તાપી નદી અને સુરતના ડુમસ દરિયા કિનારે યુવાઓને પ્રેરિત કરીને સ્વચ્છતા ડ્રાઈવ યોજી રહ્યા છે. દર રવિવારે પોતાના રૂટિન કાર્ય સાથે વધારાનો સમય આપણા સુરતના ડુમસ બીચની સ્વચ્છતા પાછળ ફાળવે એ જાગૃત્ત સુરતીઓની તાસીર છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, સુરત એ નદી

અનુસંધાન પાના ૭ પર

# પીપલોદમાં ૧૦૦ પરિવારો સાથે વૃક્ષારોપણ કરતા ગૃહ રાજ્યમંત્રી

**પીપલોદ ગામ તળના ૧૦૦ પરિવારો દ્વારા વૃક્ષારોપણ**

સુરત, તા.૧

મજુરા વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ શારદાયતન સ્કૂલની પાછળ પીપલોદ ગામ તળ ખાતે વડાપ્રધાનશ્રીના 'એક પેડ મા કે નામ' અભિયાનમાં ૧૦૦ પરિવારો સાથે ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વ પર્યાવરણ દિવસના રોજ વડાપ્રધાનશ્રીએ 'એક પેડ મા કે નામ' અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે સ્વ.માતાને અંજલિ રૂપે એક વૃક્ષ

અનુસંધાન પાના ૭ પર

# પાલનપુર વિસ્તારમાં રેલ્વે આરક્ષણ કેન્દ્રને ખુલ્લું મૂક્યું

**શ્રી હર્ષ સંઘવી દ્વારા સેન્ટરનું ઉદ્‌ઘાટન**

સુરત, તા.૧

સુરતના પાલનપુર જકાતનાકા વિસ્તારના શિવાંજલિ એપાર્ટમેન્ટ ખાતે રેલ્વે આરક્ષણ કેન્દ્રને ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ખુલ્લું મૂક્યું હતું. આ નવા કેન્દ્રથી રાંદેર, જહાંગીરપુરા,અડાજણ,પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા ઉત્તર-પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, દિલ્હી, પંજાબ સહિત અન્ય રાજ્યોના ૧૦ લાખથી વધુ સ્થાનિક નાગરિકોને રિઝર્વેશન કરાવવા તેમજ ટિકીટ બુકિંગ કરાવવામાં વધુ એક સુવિધા પ્રાપ્ત થઈ છે. આ પ્રસંગે ભારતીય રેલ્વેના પૂર્વ પીએસી મેમ્બર છોટુભાઈ પાટીલ, કોર્પોરેટર કૃણાલભાઈ સેલર, ગૌરીબેન સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.



# બાયસેફ, ઈન્સાફ તથા બીએસજી દ્વારા નિઃશુલ્ક નોટબુકનું વિતરણ

**જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાયતા**

ભરૂચ, તા.૦૧

બામસેફ-ઈન્સાફ - બી.એમ.જી સંગઠન દ્વારા ગરીબ પછાતવર્ગ નાં ઉત્થાન પરત્વે વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે, શિક્ષણ એ વ્યક્તિ અને રાષ્ટ્ર નાં વિકાસ નું પ્રથમ પગથિયું છે, આજે કારમી મોંઘવારીમાં શિક્ષણ મોંઘું થયું છે જ્યારે બાળકો ને ભણાવવા માટે મધ્યમ વર્ગના લોકોને ને દુષ્કર તથા અસહ્ય બનતા તેમને મદદરૂપ થવાનો વિનમ્ર પ્રયાસ કરીએ છીએ, જેમાં દહેજ જીઆઈડીસી ઝોલવા ખાતે આવેલ ફિલાટેક્ષ ઈન્ડિયા લિમિટેડ છેલ્લા ૧૦ વર્ષ થી સામુહિક સામાજિક જવાબદારી અન્વયે સંસ્થા ને અવિરત શિક્ષણ ક્ષેત્રે તથા મહિલા ગૃહ ઉધોગ માં સામાજિક કલ્યાણ અર્થે મદદ કરી રહ્યા છે.ભરૂચ ખાતે ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બામસેફના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બેચરભાઈ રાઠોડ , શ્રી રાજેશભાઈ શર્મા HOD, સ્ટોર એન્ડ પરચેઝ , શ્રી સમીરભાઈ વૈદ્ય HOD.. HR.. ફિલાટેક્ષ ઈન્ડિયા લિમિટેડ , બાબા હરજીતસિંગ ચાદર સાહેબ ગુરૂદ્વારા ભરૂચ, એનસી પારધી એ.એસ.આઈ,બામસેફ રાજ્ય મહામંત્રી શાંતિલાલ કે. રાઠોડ, ગુજરાત રાજ્ય બામસેફ ભરૂચ યુનિટ બામસેફ પ્રમુખ નિમેશભાઈ જે. પરમાર, ભરૂચ બામસેફ

અનુસંધાન પાના ૭ પર

# ભૂતપૂર્વ તેલુગુ વિદ્યાર્થીઓ દ્વારા આત્મીય સંમેલન યોજાયું

**કાર્યક્રમમાં હાજરી આપવા દુર દુરથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આવ્યા**

સુરત, તા.૧

નગર પ્રાથમિક શાળા નંબર ૨૨૭ (તેલુગુ માધ્યમ) મારુતિ નગર લિંબાયતમાં સંઘ ૨૦૦૦ અને ૨૦૦૧ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૭ માં ભણેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આત્મિય સંમેલન પર્વત ગામ,બજરંગ નગર બાલાજી મંદિરની હોલમાં યોજવામાં આવ્યો હતો.આ સંમેલનમાં હાજરી આપવા માટે ઘણા વિદ્યાર્થીઓ તેલંગાના રાજયમાંથી પધાર્યા હતા.આ તબક્કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે આવા કાર્યક્રમો ના થકી વિખુંટા પડેલા અને બાળપણમાં એક સાથે ભણેલા વિદ્યાર્થીઓ ભેગા થતા હોય છે તેમજ એકબીજા ની સાથે આત્મીય મિલન થતું હોય છે,એકબીજાના પરિસ્થિતિથી વાકેફ થતા હોય છે તેમજ આપસમાં પ્રેમ વધે છે અને બાળપણ ની યાદો તાજી થાય છે અને એકજ જગ્યાએ બધાને એકત્ર થવાનો મોકો મળે છે તેમજ બાળપણ ને ફરીથી જીવવાનો અવસર મળે છે જેથી આવા કાર્યક્રમો વારાફરતી દર વર્ષે યોજવામાં આવે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ ગુરુજનો ના આશીર્વાદ અને એમની આપેલ શિક્ષાથી જીવનમાં ઘણી સફળતા હાસલ કર્યાની વાતો પણ કરી હતી.આ સંદર્ભે ભૂતપૂર્વ આચાર્ય અને તેલુગુ સમાજના અગ્રણી શ્રી રાપોલું બુચિરામુલું એ એમના સંબોધનમાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓ પોતાના સહપાઠી મિત્રોને સહકાર આપવા જોઈએ તેમજ ગુરુજનો ને હંમેશા આદર અને સન્માન ની નજરથી જોવા અનુરોધ કર્યો. અને આર્થિક રીતે નબળા સહપાઠી

અનુસંધાન પાના ૭ પર



# સુરત શહેરમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા મેયર દ્વારા નિરિક્ષણ

**પાણીનો ઝડપી નિકાલ કરવા અધિકારીને સૂચના**

સુરત, તા.૧

સુરત મહાનગરપાલિકા સમાવિષ્ટ વિવિધ વિસ્તારોમાં આજે સવારથી ધોધમાર વરસાદ પડવાના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ હતી. ગતરોજ માન.મેયર શ્રી દક્ષેશ માવાણીએ વહેલી સવારથી વરાછા ઝોન સમાવિષ્ટ ફૂલ માર્કેટ એકે નગર, કતારગામ ઝોન વિસ્તાર સમાવિષ્ટ સિંગણપુર ચાર રસ્તા, ડભોલી, વેડ રોડ, રાંદેર ઝોનમાં સમાવિષ્ટ પાલનપુર તેમજ અડાજણ વિસ્તાર સહિતના વિસ્તારોમાં મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી હતી. તેમજ સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્ર ભાઈ પાટીલ, નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રિપાઠી સહિત કોર્પોરેટરશ્રીઓએ પોતાના મતવિસ્તારમાં સતત ફિલ્ડ પર અધિકારીઓ સાથે કાર્યરત રહી પાણી ઝડપથી નિકાલ થાય તે માટે વ્યવસ્થા માં જોડાયા હતા.જે વિસ્તારોમાં પાણી ભરાયા તેનો સર્વે કરી ભવિષ્યમાં તેનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે બાબતે જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે.

# રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમમાં ડાંગમાં ૩૫ નવા દર્દીઓ નોંધાયા

**ડાંગ જિલ્લામાં યોજાયેલો 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ'**

વઘઈ, તા.૧

ગત તા.૧૦મી જૂન ૨૦૨૪ થી ડાંગ જિલ્લામાં 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' ચાલી રહ્યો હતો. જેમાં રક્તપિત્તના દર્દીઓની શોધ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન આ લખાય છે ત્યાં સુધી ૩૫ જેટલા નવાં દર્દીઓ ડાંગ જિલ્લામાં નોંધાવા પામ્યા છે.

જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામિત તરફથી મળેલી વિગતો અનુસાર, સમગ્ર ડાંગ જિલ્લાના તમામે તમામ ૩૧૧ ગામોમાં નોંધાયેલ ૨ લાખ ૮૧ હજાર ૦૩૯ થી વધુ વસ્તીને આવરી લેતા, ઘરેઘર જઈને તમામ સભ્યોની સંપુર્ણ તપાસણી આ કાર્યક્રમ હેઠળ હાથ ધરવામાં આવી હતી. માટે

અનુસંધાન પાના ૭ પર

# હનવતચોંડ ગામમાં ઘરેલુ હિંસા કાયદા અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો

**મહિલા લક્ષી યોજનાઓ અંગે પણ વિસ્તૃત માહિતી રજૂ કરાઈ**

વઘઈ, તા.૧

ગત તારીખ ૨૫મી જૂનનાં રોજ ડાંગ જિલ્લાના હનવતચોંડ ગામે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા, ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત એક દિવસીય કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત અલગ અલગ વિભાગના કર્મચારીઓએ મહિલાઓને કાયદાકીય માહિતી આપી હતી. જેમાં પોલીસ બેઈઝડ સપોર્ટ સેન્ટર, સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧-મહિલા હેલ્પલાઈન તેમજ સરકારની મહિલા લક્ષી

અનુસંધાન પાના ૭ પર

# એનએસઈ પર સક્રિય ગ્રાહકોની સંખ્યામાં ૧.૮ ટકાનો વધારો થયો

**ભારતીય ઈકોનોમીની સાઈઝ ૪ ટ્રિલિયન યુએસ ડોલર પર પહોંચી**

સુરત, તા.૧

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૮ જૂન, ૨૦૨૪ના રોજ, સાંજે ૦૫:૩૦ કલાકે, સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે 'InViction: Invest with Conviction' વિશે સેશન યોજાયું હતું. જેમાં ડીઆરચોકસી ફિનસર્વ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેકટર અને જાણીતા અર્થશાસ્ત્રી શ્રી દેવેન ચોકસીએ રોકાણનું મહત્વ, રોકાણની સ્ટ્રેટેજી, માર્કેટ ટ્રેન્ડ્સ અને તકો, રિસ્ક મેનેજમેન્ટ અને મિટીગેશન, ઈન્વેસ્ટમેન્ટ વિથ કન્વીકશન તેમજ નેટવર્કિંગ ઓપોર્ચ્યુનિટીઝ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ પર સક્રિય ગ્રાહકોની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે. એક અહેવાલ મુજબ, NSE પર સક્રિય ગ્રાહકોની સંખ્યા માર્ચ ૨૦૨૪માં ૧.૮ ટકા વધીને ૪૦.૮ મિલિયન થઈ ગઈ છે. NSEના કુલ સક્રિય ગ્રાહકોમાં ટોચના પાંચ ડિસ્કાઉન્ટ બ્રોકરોનો હિસ્સો ૬૩.૮ ટકા છે, જે ગયા વર્ષે માર્ચ ૨૦૨૩માં ૫૯.૯ ટકા હતો, જે વૃદ્ધિ દર્શાવે છે.

જાણીતા અર્થશાસ્ત્રી શ્રી દેવેન ચોકસીએ જણાવ્યું હતું કે, આજે શેર બજારને તમે નવા લેવલ પર જોઈ રહયા છો. ભારતની ઈકોનોમીની સાઈઝ અત્યારે લગભગ ૪ ટ્રિલિયન યુએસ ડોલર પર પહોંચી ગઈ છે અને માર્કેટ કેપિટલાઈઝેશન ૫ ટ્રિલિયન યુએસ ડોલર થઈ ગયું છે. ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૮ ટકાની ઉપર છે. ઈન્ફલેશનની સાથે

અનુસંધાન પાના ૭ પર

# ડાંગ જિલ્લા માહિતી કચેરી ખાતે 'વાંચનાલાય' શરૂ કરાયું

**વિવિધ પ્રકાશનો વાંચવાનો નગરજનોને લાભ મળશે**

વઘઈ, તા.૦૧

આહવા સ્થિત PWD કોલોની ખાતે ચિલ્ડ્રન હોમની બાજુમાં કાર્યરત જિલ્લા માહિતી કચેરીના આ 'વાંચનાલય' ખાતે, અહીં આવતા દૈનિક અખબારો તથા સામયિકો ઉપરાંત, રાજ્ય સરકારનું મુખપત્ર અને યુવાનોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જેની ખૂબ માંગ રહે છે તેવું 'ગુજરાત' પાક્ષિક, વિવિધ ભરતી પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુ વિગેરેની જાણકારી પુરી પાડતું સાપ્તાહિક 'ગુજરાત રોજગાર સમાચાર' ઉપરાંત ધોરણ-૧૦/૧૨ પછીની શૈક્ષણિક

કારકિર્દી અંગેનું માર્ગદર્શન પૂરું પાડતો 'કારકિર્દી વિષેશાંક' અને નામાંકિત સાહિત્યકારોની અનુભવી કલમથી લખાયેલા સાહિત્યના ગ્રંથ સમો દળદાર 'ગુજરાત' પાક્ષિકનો વાર્ષિક 'દિવાળી અંક' તથા રાજ્ય

અનુસંધાન પાના ૭ પર

# યુપીએલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનું યુપીએલ ગોલ્ડ મેડલ વડે બહુમાન

**કુલ ૮૬ વિદ્યાર્થીઓમાંથી ત્રણ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યાં**

અંકલેશ્વર, તા.૧

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી દ્વારા પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ "અભ્યુત્થાન-૨૦૨૪"નું ૨૭મી જૂન ૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બે સત્ર માં યોજવામાં આવ્યો હતો.

સવાર ના સત્રમાં ડિગ્રી, બી.એસ.સી, એમ.ઈ અને એમ.એસ.સી ના વિધાર્થીને સમ્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. મૃત્યુંજય ચૌબે, વાઈસ પ્રેસિડેન્ટ-એન્વિરોન્મેન્ટ અને સસ્ટેનેબીલીટી, યુપીએલ લિમિટેડ, શ્રીમતી સાન્દ્રા શ્રોફ – અધ્યક્ષ, અંકલેશ્વર રોટરી એજ્યુકેશન સોસાયટી, શ્રી અશોક પંજવાણી, પ્રમુખ - યુપીએલ યુનિવર્સિટી, ટ્રસ્ટી શ્રી બી.ડી. દલવાડી, CEO, BEIL, પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ, યુનિવર્સિટીના પદાધિકારીઓ, અધ્યાપકગણ, કર્મચારી ગણ અને વિદ્યાર્થીઓ હાજર હતા. પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘએ મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કર્યું અને પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# જે.બી. મોદી કેન્સર સેન્ટરને રૂપિયા ૨૫ લાખનું અનુદાન

**હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા કંપનીનો આભાર મનાયો**

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેંટ સોસાઈટી અંતર્ગત શ્રીમતી જયાબેન મોદી હોસ્પિટલ દ્વારા સંચાલિત જે. બી. મોદી કેન્સર સેન્ટરને બોરોસીલ રિનિયુએબલસ લિમિટેડ દ્વારા કેન્સર સેન્ટરના ઓપીડીના એક્સપાન્શન માટે રૂપિયા ૨૫ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે.

ગત બે વર્ષોમાં ભરૂચ, નર્મદા, રાજપીપળા સુરત અને વડોદરાના આસપાસના વિસ્તારો માટે જે. બી. મોદી કેન્સર સેન્ટર કેન્સર સારવાર માટે આશીર્વાદરૂપ બની ગયું છે. કેન્સરના નિવારણ સાથે સાથે કેન્સર સામે લડત આપવાના પ્રેરણા પૂરું પાડતું આ કેન્દ્ર, લીનીયક રેડીએશન મશીન, પેટ સિટી સ્કેન, કીમોથેરાપી તથા કેન્સર સર્જરી જેવી ઉત્કૃષ્ટ સારવાર પૂરી પાડવાની સાથે કેન્સરના દર્દીઓ માટે પોષણક્ષમ આહારરૂપે અમૃત પોષટીક આહાર કીટ, દર્દીઓના માનસિક અને સામાજિક આરોગ્ય માટે મોમેન્ટ્સ વિથ મોહમ્મદ, ટાટા મેમોરિયલ હોસ્પિટલ સલગ્ન કેન્સર જાગૃતિ અને સારવાર જેવા ઉમદા કાર્યો સાથે જે. બી. મોદી કેન્સર સેન્ટર ૩૦૦૦થી વધારે લોકોને સારવાર આપી ચૂકી છે.આ પ્રસંગે શ્રીપ્રદીપ ખેરુકા – ચેરમેન બોરોસીલ રિનિયુએબલસ લિમિટેડે સહર્ષ

અનુસંધાન પાના ૭ પર

# ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની ભરતીમાં ભારે ગેરરીતી

**વિધવા, ત્યક્તા અને મહિલાઓને હળાહળ અન્યાય**

વઘઈ, તા.૦૧

ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં PM POSHAN (મધ્યાહન ભોજન) યોજનામાં ૨૦૨૩-૨૪ નાં વર્ષમાં ખાલી પડેલી જગ્યા ઉપર સંચાલક, રસોઈયા અને મદદનીશની ભરતી કરવામાં આવેલ હતી. સંપૂર્ણ ભરતી પ્રક્રિયા દરમિયાન પારદર્શીતા જળવાઈ નથી ગેરરીતીઓ થઈ હોવાની ચર્ચા ઉમેદવારો અને સંપૂર્ણ ડાંગ જિલ્લામાં જોરશોરથી ચાલી રહી હતી. આવુ જ ચાલે તો યોગ્ય ઉમેદવારોને ન્યાય આપશે કોણ? ની ચર્ચાઓ વચ્ચે જાગૃત નાગરિકે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજી કરતાં સમગ્ર બાબત સ્પષ્ટ થઈ છે?.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં આવનારી પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ખાલી જગ્યા ઉપર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સંચાલક માટે ૧૭ જગ્યાઓ, રસોઈયાની ૧૪ જગ્યા અને મદદનીશ માટે ૩૫ જગ્યા મળીને કુલ ૬૬ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૭૪ અરજીઓ અરજદારોએ કરી હતી. જેમાંથી સંચાલક માટે ૬૬ , રસોઈયા માટે ૦૮ અને મદદનીશ માટે ૦૦ અરજીઓ મધ્યાહન ભોજન યોજનાની શાખામાં આવી હતી. પરંતુ ભરતીમાં ગેરરીતી થઈ હોવાની શંકા હોવાથી અરજદારોએ લેખિત મૌખિક રજૂઆતો જવાબદાર અધિકારીને કરી હતી.ભરતીમાં સુપ્રીમ કોર્ટના સુચનો નિયમોને પણ અધિકારીઓ દ્વારા પાલન કરવા આવ્યું નથી. અધિકારીઓ દ્વારા સુપ્રીમ કોર્ટેના સુચનો અને નિયમોનાં પણ ધજાગરા ઉડાવી દીધા હતા?. અધીકારીઓ પોતાને

અનુસંધાન પાના ૭ પર

# ભરવરસાદમાં સુરતવાસીઓ સુરત મેરેથોનમાં દોડ્યા



ક્લીન સુરત, ફિટ સુરત અને 'નો ડ્રગ્સ'ના મેસેજ સાથે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સંસ્કૃત યુવા સંસ્થા અને દિવ્ય ભાસ્કર દ્વારા આયોજીત એસ.કે.સુરત મેરેથોનને ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને બોલિવૂડ અભિનેતા શરમન જોશીએ ફ્લેગ ઓફ આપી મેરેથોન દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ પરેડ ગ્રાઉન્ડથી જીફર્દ્રે સર્કલ થઈ 'રૂ' જંકશન સુધીની ૩, ૫, ૧૦ અને ૨૧ કિલોમીટરની ડ્રીમ મેરેથોન રનમાં દોડવીરો સાથે શહેરીજનો ભરવરસાદે ફિટ રહેવા દોડ્યા હતા.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧ જુલાઈ ૨૦૨૪ — મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in



તાપી નદીનાં ઉપરવાસમાં જોરદાર વરસાદ પડતાં નદીનાં જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. સિંગણપોર-રાંદેરને જોડતો કોઝ-વે આજે વહેલી સવારે ભયજનક સપાટી વટાવીને છલકાતા વાહન-વ્યવહાર માટે વિયર કમ કોઝ-વે બંધ કરી દેવામાં આવ્યો છે. આ ચોમાસાની સીઝનમાં પ્રથમ વખત કોઝ-વે બંધ કરી દેવામાં આવ્યો છે.



સુરત શહેર જિલ્લા ઉપરાંત તાપી જિલ્લામાં બે દિવસથી સતત જોરદાર વરસાદ પડી રહયો છે. જોરદાર વરસાદને પગલે તાપી નદી તથા વિવિધ ખાડીઓનાં જળસ્તરમાં વધારો થયો છે. સુરત શહેરમાંથી પસાર થતી ખાડીઓ બેકાંઠે ભરચક વહેતી થઈ છે. ખાડીઓનું હાલનું લેવલ તથા ભયજનક લેવલમાં મોટું અંતર હોવાથી હાલ ખાડીપુરનો કોઈ ખતરો નથી અલબત્ત સુરતનાં પરવત અને મીઠીખાડી વિસ્તારમાં ખાડી ભરચક વહેતી થઈ હોવાનું તસ્વીરમાં જણાય છે.

# દક્ષિણ ગુજરાતમાં સર્વત્ર જોરદાર વરસાદની રેલમછેલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૧

સુરત શહેર-જિલ્લા ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં તમામ તાલુકાઓમાં જોરદાર વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે સવારથી આજે સવાર સુધીમાં પલસાણામાં સર્વાધિક ૮ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે સુરત શહેરનાં રાંદેર ઝોનમાં લગભગ ૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અન્યત્ર બેથી પાંચ ઈંચ જેટલો જોરદાર વરસાદ ઝીંકાતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. ગઈકાલે સવારે દિવસભર દેમાર વરસાદ પડ્યો હતો અને આજે સોમવારે સવારે પણ સુરત શહેર જિલ્લા ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ઠેર-ઠેર વરસાદ પડી રહ્યો છે.

ગુજરાતનાં મોટાભાગનાં વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે અને દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજા મન મૂકીને વરસતા ચોમાસાનો માહોલ જામ્યો છે. સતત બે દિવસથી સર્વત્ર જોરદાર વરસાદ પડતાં વરસાદે જમાવટ કરવા સાથે શિતલહેર વ્યાપી જવા પામી છે અને દેમાર વરસાદનાં કારણે પાણીની રેલમછેલ જોવા મળે છે.

જુદા જુદા જિલ્લાનાં ફ્લડ કંટ્રોલ વિભાગ દ્વારા જણાવાયા મુજબ ગઈકાલે સવારથી આજે સવાર સુધીનાં ૨૪ કલાકમાં જોરદાર વરસાદ નોંધાયો છે. જેમાં સુરત જિલ્લાનાં ઓલપાડમાં ૧૪૪ મીમી, માંગરોળ ૫૩, ઉમરપાડમાં ૭૩, માંડવી ૭૫, કામરેજ ૧૪૩, સુરત સીટી ૧૩૮, ચોર્યાસી ૩૦, પલસાણામાં ૨૧૧, બારડોલી ૧૪૯ અને મહુવામાં ૧૭૧ મીમી વરસાદ નોંધાયો છે.જ્યારે સુરત શહેરનાં

અનુસંધાન પાના ૭ પર

**સુરત શહેરના રાંદેર ઝોનમાં ૭ અને પલસાણામાં ૮ ઈંચથી વધુ વરસાદઃ વરસાદ અટકી અટકીને પડતાં રાહતજનક સ્થિતિઃ તાપી નદી અને સુરત ખાડીઓનાં જળસ્તરમાં વધારો**

## ઉકાઈ ડેમમાં ૬૨૯૩ ક્યુસેક નવા પાણીની સતત આવક

**ઉકાઈ ડેમની જળ સપાટી સવારે ૩૦૫.૮૩ ફૂટ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૧

તાપી નદીનાં ઉપરવાસમાં સામાન્ય વરસાદ પડતાં ઉકાઈ ડેમમાં ઠીક-ઠીક પ્રમાણમાં નવા પાણીની આવક થતાં ડેમની સપાટીમાં ધીમે-ધીમે વધારો થઈ રહ્યો છે. આજે સોમવારે સવારે ડેમની જળ સપાટી ૩૦૫.૮૩ ફૂટ નોંધાઈ છે અને ૬૨૯૩ ક્યુસેક પાણી ડેમમાં આવી રહ્યું છે.ઉકાઈ ડેમનાં સૂત્રોએ જણાવ્યા મુજબ ઉકાઈ ડેમનાં કેચમેન્ટ એરીયાનાં વિવિધ ગેજ મથકોમાં સામાન્ય વરસાદ પડતાં ડેમમાં સતત નવા પાણીની આવક થઈ રહી છે. આજે સવારે ડેમમાં ૬૨૯૩ ક્યુસેક પાણીની આવક થતાં ડેમની સપાટી ૩૦૫.૮૩ ફૂટ નોંધાઈ છે અને ડેમમાંથી ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. તાપી નદીનાં ઉપરવાસનાં વિવિધ વિસ્તારોમાં જોરદાર વરસાદ પડતાં તાપી નદીનાં જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે અને સુરતનાં વિયર કમ કોઝ-વે પર તાપી નદીની સપાટી છ મીટર ઉપર નોંધાતા કોઝ-વે વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયો છે.

## ઉપરવાસમાં ભારે વરસાદ પડતા સુરત શહેરની ખાડીઓ ભરચક

**ખાડીઓનું લેવલ ભયજનકથી ઘણું નીચુ હોવાથી ખાડી પુરનો હાલ ખતરો નથી**

સુરત, તા.૧

સુરત મહાનગરપાલિકાના વિવિધ નવ ઝોન માં કુલ પાંચ ખાડીઓ આવેલી છે. આ પાંચ ખાડીઓ પૈકી મોટાભાગની ખાડીઓ ભયજનક સપાટીથી દોઢ થી ત્રણ મીટર જેટલી દૂર વહી રહી હોવાનું ફ્લડ કંટ્રોલરૂમ ના અધિકારીઓ દ્વારા જાણવા મળ્યું હતું.મનપાના ફ્લડ કંટ્રોલરૂમ ના જણાવ્યા અનુસાર, સુરત શહેર ના વિવિધ જોનોમાં કુલ પાંચ ખાડીઓ આવેલી છે. જેના નામ આ પ્રમાણે છે. કાકરા ખાડી, ભેદવાડ ખાડી ,મીઠી ખાડી, ભાઠેના ,સીમાડા ખાડી.. દરેક ખાડી ના ભયજનક અને હાલના લેવલની વિગતો આ પ્રમાણે છે, કાકરાખાડી ની ભયજનક સપાટી ૮.૪૮ મીટર, આજે સવારનું લેવલ પાંચ મીટર, ભેદવાડ ખાડી ની ભયજનક સપાટી ૬.૭૫ મીટર, હાલનું લેવલ ૫. ૮૦ મીટર, લિંબાયત મીઠી ખાડી ૯.૩૫ મીટર, હાલનું લેવલ ૭.૧૦ મીટર, ભાઠે ના ખાડી ની ભયજનક સપાટી ૮.૨૫ મીટર, હાલનું આજે સવારનું લેવલ ૫.૨૦ મીટર, સીમાડા ખાડી ની ભયજનક સપાટી ૪.૫૦ મીટર, હાલનું લેવલ ૨.૮૦ મીટર હોવાનું

અનુસંધાન પાના ૭ પર



## આ ચોમાસામાં સૌ પ્રથમ વખત કોઝવે છલકાતા બંધ કરી દેવયો

**કોઝવે પર જળ સપાટી ૬.૦૨ મીટર પર પહોંચી**

સુરત, તા.૧

આમ તો સામાન્ય રીતે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની સવારી ૧૫ જૂન ની આસપાસ આવી પહોંચે છે પરંતુ આ વખતે ગ્લોબલ વૉમિંગને કારણે સુરતમાં મોસમની નિયમિત શરૂઆત ૨૮ જૂન પછી શરૂ થઈ છે ત્યારે મોસમની શરૂઆતમાં જ કોઝવે ના દરવાજા પહેલી વાર બંધ કરવામાં આવ્યા છે. ગત રાત્રે એટલે કે આજે વહેલી સવારે ૪:૩૦ વાગ્યાના અરસામાં ની જળ સપાટી ૬.૦૨ પર પહોંચતા વાહનોની અવરજવર તથા રાહદારીઓ માટે કોઝવે ના બંને તરફના દરવાજાઓ

અનુસંધાન પાના ૭ પર

## અલકાપુરી બ્રીજ પાસે એસટી બસ પલટી જતા પાંચ મુસાફરો ઘાયલ

**વરાછામાં મોડીરાત્રે સુરતથી દાહોદ જતી બસને નડેલો અકસ્માત**

સુરત, તા.૧

સુરતના વરાછા વિસ્તારમાં મોડીરાત્રે એક એસટી બસ ડિવાઈડરમાં ઘૂસી ગયા બાદ પલટી મારી ગઈ હતી. મુસાફરો ભરેલી બસ અકસ્માત બાદ પલટી મારી જતા બૂમાબૂમ થઈ ગઈ હતી. કેટલાક મુસાફરો ઇજાગ્રત થતા તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ બસનો ડ્રાઈવર નશામાં હોવાની પણ ચર્ચા છે. હાલ તો આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, ગતરોજ રાત્રે વાપીથી આવતી એક એસટી બસ સુરતથી દાહોદ જઈ રહી હતી. દરમિયાન કિરણ હોસ્પિટલથી અલકાપુરી બ્રિજ પરથી પસાર થયા બાદ નીચે ઉતરતા સમયે બસ ફૂલ સ્પીડમાં હતી. દરમિયાન બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને રસ્તાની વચ્ચે આવેલા ડિવાઈડર પર બસ ચડાવી દીધી હતી. બસ ૧૦થી ૧૫ ફૂટ સુધી ડિવાઈડર પર ચડી ગઈ હતી અને ત્યારબાદ પલટી મારી ગઈ હતી.

એકાએક જ આ અકસ્માત થતા બસમાં સવાર મુસાફરોમાં બૂમાબૂમ થઈ ગઈ હતી. બસમાં સવાર કેટલાક મુસાફરો ઈજાગ્રસ્ત પણ

અનુસંધાન પાના ૭ પર

## નકલી ચલણી નોટ પ્રકરણમાં અન્ય આરીપોઓને શોધતી એસઓજી

**પોલીસે પકડી પાડેલા ત્રણ આરોપીઓની આકરી પુછપરછ**

સુરત, તા.૧

શહેરમાં ફરી એક વખત ડુપ્લિકેટ ચલણી નોટો ઝડપાઈ છે. જીંય પોલીસની ટીમે ડુપ્લિકેટ ચલણી નોટો ઝડપી પાડી છે. પોલીસે કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી છે અને ૧૯ હજારની ડુપ્લિકેટ ચલણી નોટો જપ્ત કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં ભાવિન હિમ્મતભાઈ વ્યાસ નામનો ઈસમ કોઈ જગ્યાએથી બનાવટી ભારતીય ચલણી નોટ મેળવી લાવી વટાવવા સુરત શહેર માં ફરતો હોવાની બાતમી જીંય પોલીસને મળી હતી, જે બાદ જીંય પોલીસની ટીમે સલાબતપુરા કિન્નરી ટોકીઝ પાસેથી આરોપી ૩૩ વર્ષીય ભાવિનભાઈ હિમ્મતભાઈ વ્યાસને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૧૯ હજારની બનાવટી ચલણી નોટો જપ્ત કરી હતી. પોલીસે તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, આર્થિક પરિસ્થિતિ સારી નહિ હોવાથી પૈસા કમાવવાની લાલચમાં તેના મિત્ર ગોપાલ વિઠલાણી પાસેથી બનાવટી ચલણી નોટ લાવી બજારમાં વટાવવા ફરતો હોવાનું જણાવ્યું હતું.

આ દરમિયાન SOGપોલીસે આ ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા અને ઉત્રાણ મનીષા ગરનાળા પાસેથી આ ગુનામાં વોન્ટેડ આરોપી ગોપાલ

અનુસંધાન પાના ૭ પર

## મોટા વરાછાના એક એપાર્ટમેન્ટની લિફ્ટમાં વ્યક્તિ ફસાય ગયો

**ફાયર ઓફિસરે લિફ્ટનો દરવાજો તોડીને વ્યક્તિને બહાર કાઢ્યો**

સુરત, તા.૦૧

મોટા વરાછા ખાતે આવેલા એક એપાર્ટમેન્ટ ની લિફ્ટ માં આજે સવારે એક વ્યક્તિ ફસાઈ ગઈ હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, મોટા વરાછા વીઆઈપી સર્કલ પાસે રામેશ્વરમ નામનું એપાર્ટમેન્ટ આવેલું છે. આજે સવારે ભાવેશભાઈ નાવડીયા નામનો વ્યક્તિ ચોથા માળથી લિફ્ટ માં બેસી નીચેની તરફ આવતો હતો તે દરમિયાન લિફ્ટ નો દરવાજો બંધ થઈ જતા ભાવેશભાઈ ગભરાઈ ગયા હતા. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમને થતા મોટા

અનુસંધાન પાના ૭ પર

## ત્રીજા માળની ગેલેરીનો દરવાજો લોક થઈ જતા વૃદ્ધા ફસાઈ ગઈ

**ફાયરબ્રિગેડે ૮૫ વર્ષીય મહિલાને હેમખેમ બહાર કાઢ્યા**

સુરત, તા.૧

ન્યુ સીટી લાઈટ રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટ ના ત્રીજા માલની ગેલેરી નો દરવાજો લોક થઈ જતા ૮૫ વર્ષની એક વૃદ્ધા ફસાઈ ગઈ હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો આ બનાવ આજે સવારે બન્યો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ન્યુ સીટી લાઈટ રોડ ડીઆરબી ગ્રાઉન્ડ ની બાજુમાં રુસ્તમ એપાર્ટમેન્ટ આવેલું છે. આજે સવારે રુસ્તમ એપાર્ટમેન્ટ ના ત્રીજા માળે રહેતા ૮૫ વર્ષની રમીલા નામની ઉંમરલાયક બાઈ ગેલેરીમાં હતી ત્યારે ગેલેરી નો દરવાજો લોક થઈ ગયો હતો. આ દરવાજો નહી ખુલતા બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. વેસુ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર રુસ્તમ એપાર્ટમેન્ટ પાસે પહોંચી જઈ ત્રીજા માળ સુધીની સીડી લંબાવી અંદર જઈ દરવાજો ખોલીને રમીલાબેન ને સહી સલામત રીતે બહાર કાઢ્યા હતા.

## મકરાણી બાપ-દિકરા દ્વારા રૂ.૫.૭૫ લાખની ઠગાઈ કરાઈ

**રાધા-કૃષ્ણ માર્કેટનાં વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૧

રિંગરોડની રાધા કૃષ્ણ ટેક્સટાઈલ્સ માર્કેટના વેપારી પાસેથી રૂ.૭.૫૭ લાખનો માલ ખરીદી કોહિનૂર માર્કેટના આદેશ્વર સિલ્ક મિલ્સના મકરાણી પિતા પુત્રએ પેમેન્ટ નહિ ચૂકવી છેતરપિંડી કરી હતી પૂણા મોડન ટાઉન પાસે મંગમુર્તી એપાર્ટમેન્ટ જલારામ સોસાયટી વિભાગ-૨, પાસે રહેતા જીતેન્દ્રકુમાર સોહનલાલ સીંધવીએ પુનીત ભગવાનદાસ મકરાની( તે આદેશ્વર સીલ્ક મીલ્સના માલીક રહે, ૩૫ ભાનાવાલા કોમ્પલેક્ષ, ત્રીજો માળ,

અનુસંધાન પાના ૭ પર


## ઉમરવાડામાં ડ્રેનેજ લાઇનની મંજુરી આપવા માંગ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

ઉમરવાડા જન્નતિબાગમાં ડ્રેનેજ લાઈનની સમસ્યા અંગે લિંબાયત કાર્યપાલક ઈજનેરને રહીશોએ આવેદન પત્ર પાઠવી ડ્રેનેજ લાઈન માટે પરમિશન આપવા માગ કરી હતી.ઉમરવાડા સ્થિત જન્નતી બાગ મહોલ્લાના રહીશોએ સુરત

અનુસંધાન પાના ૭ પર

**૨૦મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ.સુખદેવભાઈ એન. દેસાઈ
સ્વ.તા.૧-૭-૨૦૦૪
૭૦, સર્જન સોસાયટી, મોદી બંગલા, ઈચ્છાનાથ રોડ, સુરત.

પરિવારમાં પ્રેમસભર સ્થાન આપનું, સ્નેહીજનોમાં સૌથી પહેલું સ્થાન આપનુ, વત્સલ હૃદયના તમોએ સર્વને પ્રેમ અને વાત્સલ્ય, ધર્મ સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાયા આપી, દુઃખ અને સુખ બંનેમાં અમોને સાચવ્યા. આપની અમર સ્મૃતિ, કર્તવ્ય, પ્રેમ, વાત્સલ્ય થકી અમોને ઉજાસ આપનાર આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લિ. ગં.સ્વ. પુષ્પાબેન સુખદેવભાઈ દેસાઈ
મોન્ટુ સુખદેવભાઈ દેસાઈ
નીપા મોન્ટુભાઈ દેસાઈ
ચિ. પવન મોન્ટુભાઈ દેસાઈ
ચિ. ક્રિષ્ના મોન્ટુભાઈ દેસાઈ

**ચૌહાણ પરિવાર દુઃખદ અવસાન**



સ્વ.જસવંતીબેન બાલુભાઈ ચૌહાણ
જન્મ તા.૨૧-૧૦-૧૯૪૨ સ્વ.તા.૨૧-૦૬-૨૦૨૪

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા માતૃશ્રી જસવંતીબેન બાલુભાઈ ચૌહાણનું તા.૨૧-૦૬-૨૦૨૪ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું તા.૦૩-૦૭-૨૪ને બુધવારનાં સવારે ૧૦-૩૦ કલાકે દરમિયાન નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

બેસણાંનું સ્થળઃ ૮/૯૪, બી-૪, ગોપીપુરા, સંઘાડીયા વાડ, ગોપીતળાવની સામે, સુરત.

-:: લિ. ::-
મુકેશભાઈ બાલુભાઈ ચૌહાણ — અર્ચનાબેન મુકેશભાઈ ચૌહાણ
પાર્થ મુકેશભાઈ ચૌહાણ — ક્રિશ મુકેશભાઈ ચૌહાણ